**આજનો સુવિચાર**

સત્ય સુરજ જેવું હોય છે એ થોડીક વાર સંતાઈ તો શકે છે પણ એ રહે છે હંમેશા માટે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૫૩ જૂનાગઢ તા.૧૦-૦૨-૨૦૨૫ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 53, Junagadh : Date : 10 February, 2025, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# મહાકુંભમાં ૩૦૦ કિ.મી. લાંબો અભૂતપૂર્વ ટ્રાફિકજામ

**સ્થિતિ બેકાબુ : વિશ્વના સૌથી મોટા ટ્રાફિકજામથી કરોડો શ્રધ્ધાળુઓને ભારે મુશ્કેલી : ૧૪ ફેબ્રુઆરી સુધી સંગમ સ્ટેશન બંધ કરાયું : મધ્યપ્રદેશમાં જ વાહનો અટકાવી દેવાયા**



પ્રયાગરાજ,તા.૧૦ દુનિયાના સૌથી મોટા ધાર્મિક મેળાવડા એવા પ્રયાગરાજમાં હાલમાં ચાલી રહેલા મહાકુંભમાં વધુ એક વખત મહાભીડને કારણે હાલત બેકાબૂ બનતા વિશ્વનો સૌથી મોટો ૩૦૦ કીમીનો અભૂતપૂર્વ ટ્રાફીક જામ સર્જાયો છે. વાહનોને અધવચ્ચે જ રોકી દેવામાં આવતા કલાકો સુધી ફસાયેલા શ્રદ્ધાળુઓને ખાવા પીવાના સાંસા પડયા છે અને ૨૦-૨૫ કીમી પગપાળા જવાની નોબત આવી છે. અભૂતપૂર્વ ભીડને કારણે સંગમ સ્ટેશન ૧૪ ફેબ્રુઆરી સુધી બંધ કરી દેવાની જાહેરાત કરવામાં આવી છે.

મહાકુંભમાં રવિવારથી ફરી માનવ મહાસાગર ઉમટી પડયો હતો અને લાખો-કરોડો શ્રદ્ધાળુઓ ઉમટતા મહાભીડની હાલત સર્જાઈ છે. સંગમ સ્ટેશને મોટી ભીડને પગલે કંટ્રોલરૂમને એલર્ટ કરાયો હતો અને તાત્કાલીક સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યુ હતું. ૧૪ ફેબ્રુઆરી સુધી સ્ટેશન બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો.


યાત્રાળુઓને પ્રયાગરાજ જંકશન, કાકામઉ તથા પ્રયાગ સ્ટેશન મોકલવાની જાહેરાત કરવામાં આવી હતી. મહાકુંભના તમામ માર્ગો હકડેઠઠ થયા હતા. પોલીસ દ્વારા ડાઈવર્ઝન પ્લાન લાગુ કરીને અન્ય ૪૪ ઘાટો પર લોકોને મોકલવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ભીડને અંકુશમાં લેવામાં તંત્રને પરસેવો છુટ્ટી ગયો હતો.

મહાભીડને ધ્યાને રાખીને પાડોશી રાજયોમાં પણ તંત્રોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશમાંથી જ વાહનોને અટકાવી દેવામાં આવ્યા હતા. પરિણામે વિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે સહિતના માર્ગો પર ૨૦૦થી૩૦૦ કીમી સુધી વાહનોના થપ્પા લાગ્યા હતા.

## અયોધ્યા-કાશીમાં પણ લાખો શ્રધ્ધાળુઓ ઉમટી પડયા

અયોધ્યા તા.૧૦ રામનગરીમાં અયોધ્યામાં પણ લગભગ ૧૦ લાખ શ્રધ્ધાળુઓની ભીડ પહોંચી હતી, ભીડને નિયંત્રીત કરવા માટે ૧૭ જગ્યાઓ પર લાગેલા બેરિયર બંધ કરવા પડયા હતા. રામમંદિર અને હનુમાનગઢીથી બે કિલોમીટરથી જ રૂટ ડાયવર્ઝન અને ક્રાઉડ હોલ્ડીંગ કરવામાં આવ્યું હતું. દર્શનનો સમય વધાર્યા પછી પણ લોકોને બાલકરામનાં દર્શન માટે બેથી ત્રણ કલાક લાઈનમાં ઉભા રહેવુ પડે છે. અયોધ્યાનાં ધારાસભ્ય વેદપ્રકાશ ગુપ્તાના જણાવ્યા અનુસાર માધ પૂર્ણિમા સુધીમાં ૨૦ લાખથી વધુ લોકો પહોંચવાનું અનુમાન છે.

વીક એન્ડમાં મહાકુંભથી પરત ફરેલ ભીડના કારણે રવિવારે હાઈવે અને તેની સાથે જોડાયેલ શહેરના બધા રસ્તા ચોક થઈ ગયા છે. કાશી વિશ્વનાથ મંદિરવાળા રસ્તા પર તો પગ રાખવાની જગ્યા પણ નહોતી રાની તળાવથી મોહનસરાય સુધી લગભગ અઢી કલાકનું અંતર કાપવામાં બાઈક સવારોને દોઢ કલાક લાગ્યો હતો.



### વડાપ્રધાન મોદી ફ્રાન્સ-અમેરીકાની અત્યંત મહત્વની મુલાકાતે રવાના

## ૨૫ ટકા ટેરિફ ઝીંકવાના ટ્રમ્પના નિર્ણયથી ભારત કેવી રીતે બચી શકશે ?

નવી દિલ્હી તા.૧૦: વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ફ્રાન્સ અને અમેરિકાની પાંચ દિવસની મુલાકાતે જઈ રહ્યા છે. ખાસ કરીને મોદીની અમેરિકા મુલાકાત પર દેશના આર્થિક નિષ્ણાંતો, ઉદ્યોગ-વ્યાપાર જગતના લોકોની નજર છે. અમેરિકામાં જે રીતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર છેડયુ છે તે પછી ભારત તેમાં કેમ બચી શકે છે તે મહત્વનું બની રહેશે.

મોદી ફ્રાન્સમાં આવતીકાલથી પ્રારંભ થનારી આર્ટીફીશ્યલ-ઈન્ટેલીજન્સ એકશન સમીટમાં ભાગ લેશે. જેમાં વિશ્વના ટોચના રાષ્ટ્રનેતાઓ પણ હાજર રહેનાર છે અને ખાસ કરીને એઆઈમાં જે રીતે હવે નવી સ્પર્ધા છેડાઈ છે તથા તેના ઉપયોગથી 'જોખમો' પણ વધ્યા છે તેના પર ચર્ચા થશે.

મોદી તા.૧૩ઉના અમેરિકા પહોંચશે જયાં તેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'શોર્ટ-નોટીસ' આમંત્રણથી પહોંચી રહ્યા છે અને આજે દેશો વચ્ચે જે વ્યાપાર ખાધ છે તે મુદે ચર્ચા થશે. અમેરિકા ઈચ્છે છે કે તેમના ઉત્પાદનોને ભારતમાં હળવા-ટેરીફથી પ્રવેશ મળે.

હાલમા જ કેન્દ્રીય બજેટમાં જે રીતે અનેક ઉત્પાદનો પર આયાત જકાત ઘટાડાઈ તે મોદી સરકારનું પ્રથમ પગલુ છે જે બાદ હવે ટ્રમ્પને 'ખુશ' કરવા કેવા પગલા લેવાશે તે પ્રશ્ન છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા અને સંભવિત ભારત પર પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 'ટેરીફ'

## કેનેડા-મેકસીકોથી સ્ટીલ-એલ્યુમિનીયમની આયાત પર ટ્રમ્પે ૨૫ ટકા ટેરિફ ઝીંકી

લાદશે તેવા સંકેતો વચ્ચે અમેરિકાએ કેનેડા-મેકસીકોથી આયાત થતા સ્ટીલ અને એલ્યુમીનીયમ પર ૨૫ ટકા ટેરીફ ઝીકતા ભારતને પણ હવે વડાપ્રધાન મોદી આ ટેરીફથી બચાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે.

બે દેશો પરના આ ટેરીફ અમેરિકા જે અલગથી મેટલ-સેસ લગાવે છે તેનાથી પણ ઉપર હશે જે કેનેડા-મેકસીકો પર મોટી અસર કરશે. આ બન્ને દેશોમાંથી અમેરિકા સ્ટીલ-એલ્યુમીનીયમની સૌથી મોટી આયાત કરે છે. બાદમાં દક્ષિણ કોરિયા અને વિયેતનામ આવે છે. ૨૦૨૪માં જ અમેરિકાના કુલ એલ્યુમીનીયમની આયાતના ૭૫ ટકા કેનેડામાંથી થઈ છે.

ભારત જો કે અમેરિકામાં આ બન્ને ધાતુના નિકાસમાં ૧૦માં ક્રમ બાદ છે પણ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું છે કે, અમારા ઉત્પાદનો પર જે દેશ ૧૦૦થી ૧૩૦ ટકા ટેરીફ લાદે છે તે અમારા દેશમાં સસ્તો માલ ઘુસાડી શકશે નહી.

આમ હવે અમેરિકાની આ નીતિ દુનિયાભરના વ્યાપારને અસર કરશે. મોદી આજે જ ફ્રાન્સ જઈ રહ્યા છે અને ફ્રાન્સમાં જે હાઈ-પ્રોફાઈલ-આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સની સમીટ છે તેમાં પણ મોદી હાજર રહેનાર છે.

## મધ્યમવર્ગની ખરીદીનો ટ્રેન્ડ બદલાયો

નવી દિલ્હી, તા.૧૦ : શહેરોમાં ખરીદી થોડી ઓછી થઈ ગઈ છે. મધ્યમ વર્ગના પરિવારનું બજેટ તંગ થઈ ગયું છે. પરંતુ તેનો અર્થ એ નથી કે લોકો બિલકુલ ખર્ચ નથી કરી રહયા. તેના બદલે, ખર્ચ કરવાની લોકોની રીત બદલાઈ રહી છે.

લોકો FMCG એટલે કે રોજિંદા ઉપયોગની વસ્તુઓના નાના પેકેટ ખરીદી રહ્યા છે. કારણ કે ભાવ વધી ગયા છે. પરંતુ બીજી તરફ, લોકો ઝવેરાત અને ઈલેક્ટ્રોનિક સામાન જેવી ટકાઉ અને મોંઘી વસ્તુઓ ખરીદવા માટે EMI અને સરળ હપ્તાઓનો આશરો લઈ રહયા છે. ૭૫% થી વધુ કન્ઝ્યુમર ડયુરેબલ્સ EMI પર ખરીદવામાં આવી રહયા છે. ૫ વર્ષ પહેલાં આ આંકડો ૫૫ થી ૬૦% હતો. સરળ ફાઈનાન્સ અને ઓછી EMIને કારણે, મધ્યમ વર્ગ હવે મોંઘા ઉત્પાદનો ખરીદવા સક્ષમ છે. તેમનું કહેવું છે કે લોકો IoT વાળા સ્માર્ટ ઉપકરણો, ઈન્વર્ટર એસી અને ટોપ લોડ વોશિંગ મશીન ખરીદી રહયા છે. થિંક ટેન્ક PRICE અનુસાર, વાર્ષિક ૫ લાખથી ૩૦ લાખ રૂપિયાની કમાણી કરતા પરિવારો મધ્યમ વર્ગમાં આવે છે. ક્રેડિટ કાર્ડ કંપનીઓ અને બ્રાન્ડ્સ ખરીદદારોને EMI પર ઓફર્સ પ્રદાન કરે છે, જેના કારણે આ ટ્રેન્ડ વધી રહયો છે.

## ચાણસ્માના વડાલી ગામે બનેલી ગોઝારી ઘટના : તળાવમાં ડુબી જતાં પાંચના મોત

પાટણ, તા.૧૦ : ચાણસ્માના વડાવલી ગામે એક ગોઝારી ઘટના બની છે. જેમાં પાંચ લોકોના કરુણ મોત નિપજ્યા છે. આ પાંચેય લોકોના મોત તળાવમાં ડૂબી જવાને કારણે થયા છે. જેથી મૃતકોના પરિવારમાં હાલ શોકનો માહોલ છવાઈ ગયો છે. ઘટનામાં માતા-પુત્ર સહિત અન્ય બે લોકોના મોત થયા હોવાનું પણ સામે આવ્યું છે. પરિણામે આ ઘટના હાલ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે.

ઘટનામાં માતા, પુત્ર અને પુત્રી સહિત અન્ય બે વ્યકતિના મોત થયા હોવાનું સામે આવ્યું છે. જેમાં બકરા ચરાવવા ગયા હતા તે સમયે આ ઘટના બની હોવાનું સામે આવ્યુ છે. ઘટનાની જો વિગતવાર વાત કરીએ તો પ્રથમ એક બાળક તળાવમાં ડૂબ્યો હતો. જેને બચાવવા જતા મહિલા સહિત અન્ય ૩ લોકો પણ ડૂબી ગયા હોવાનું સામે આવ્યું છે.

તમામ મૃતકો લઘુમતી સમાજના વ્યક્તિઓ હોવાનું સામે આવ્યું છે. ઘટના બાદ તમામ લોકોના મૃતદેહને ચાણસ્મા રેફરલ હોસપિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં હોસ્પિટલની બહાર પણ મોટા પ્રમાણમાં લોકોની ભીડ જોવા મળી હતી. એક સાથે પાંચ વ્યકતિના મોત થવાથી સમાજ સહિત ગામમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે. સાથે જ લોકો આ ઘટનાને લઈને ચોંકી ગયા છે.

## સપ્તાહના પ્રથમ દિવસે જ શેરબજારમાં મંદી : સેન્સેક્સમાં ૬૫૦ પોઈન્ટનું ગાબડું

મુંબઈ તા.૧૦ આજે સપ્તાહના પ્રથમ દિવસે જ મુંબઈ શેરબજારમાં મંદીના ડાકલા વાગી રહ્યા છે. બપોરે ૧૨.૪૫ કલાકે સેન્સેક્સમાં ૬૫૦ પોઈન્ટનું ગાબડું પડેલું હતું. વિદેશી રોકાણકારોની ભારે વેચાવાલીને કારણે છેલ્લા ૧૫ દિવસથી શેરબજાર ખુબ જ વોલેટાઈલ બની રહ્યું છે. ભારે ચડ-ઉતર આવે છે. આજે મોટાભાગના બ્લુચીપ શેરોમાં રેડ માર્ક જોવા મળી રહ્યો છે. હાલમાં શેરબજાર તેની સર્વોચ્ચ સપાટી ૮૫૯૭૮ કરતાં લગભગ ૯૦૦૦ પોઈન્ટના ગાબડા સાથે ટ્રેડ કરી રહ્યું છે. આજે શેરબજારનો ઈન્ડેકસ ૭૭૨૦૦ ના આંકને સ્પર્શી રહ્યો છે. મુંબઈ શેરબજારમાં ગબરાટનું કારણ ડોલર સામે રૂપિયાનું નબળું પડવું અને કિંમતી ધાતુમાં ભારે ભાવવધારાને કારણે પણ તેની અસર શેરબજાર પર પડી રહી છે. લોકો સલામત રોકાણ તરફ વળ્યા હોય, શેરબજારમાંથી પૈસા ખેંચીને લોકો સોના સહિતના અન્ય સલામત રોકાણમાં રોકી રહ્યા છે. તદઉપરાંત ટ્રમ્પના ભારત સામે ટેરિફ લાદવાની ધમકીથી પણ બજારમાં ગભરાટનું વાતાવરણ છે. આયાત-નિકાસમાં સમતોલન જાળવવા માટે સરકારને મુશ્કેલી પડી રહી છે.

## સાઉદી અરબે હજયાત્રામાં બાળકોને લઈ જવા પર પ્રતિબંધ મુકયો

રિયાધ, તા.૧૦: સાઉદી અરેબિયાએ હજ યાત્રાળુઓ સાથે બાળકોને લઈ જવા પર પ્રતિબંધ મૂકયો છે. સાઉદી અરેબિયાના હજ અને ઉમરાહ મંત્રાલયે હજ યાત્રાને લગતા ઘણા નવા નિયમો જાહેર કર્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે હજ યાત્રા ૨૦૨૫ દરમિયાન બાળકોને યાત્રાળુઓ સાથે જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સાઉદી અરેબિયાએ કહ્યું છે કે આ નિર્ણય વાર્ષિક હજયાત્રા દરમિયાન બાળકોને સુરક્ષિત રાખવા અને વધુ પડતી ભીડથી બચાવવા માટે લેવામાં આવ્યો છે. સાઉદી સરકારનો આ નિર્ણય હજ દરમિયાન વધુ પડતી ભીડ ઘટાડવા માટે છે. સાઉદી સરકારે કહ્યું છે કે નવા નિયમોનો ઉદ્દેશ્ય નવા યાત્રાળુઓ માટે હજ યાત્રાને સરળ બનાવવા, પવિત્ર સ્થળ પર ભીડ ઘટાડવા અને લોકોની વિશાળ ભીડનું સંચાલન સરળ બનાવવાનો છે.

**અવાડા એનર્જી પ્રાઈવેટ લિમિટેડ (એઈપીએલ) ની જાહેર નોટિસમાં સુધારો**

આથી જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, તા. ૦૧-૦૨-૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થયેલી જાહેર નોટિસના ફકરા નં. ૨ ટ્રાન્સમિશન લાઈન કાર્ડ અંડર ધ સ્કીમમાં શરતચૂકથી ટાઈપોગ્રાફિકલ ભૂલ થઈ હતી. તેમાં રહેલ શબ્દ "જામ-ખંભાળિયા પોલીસ સ્ટેશન"ને બદલે "જામ-ખંભાળિયા પીએસ" તરીકે વાંચવું. ભૂલ બદલ અમે ખેદ વ્યક્ત કરવાની સાથે આપની સમજણની પ્રશંસા કરીએ છીએ.


**ફકત ૩૯,૯૯૯/- માં ઈ-બાઈક**
મોંઘવારીમાં સસ્તુ-સારૂ-ને બધાયને પોષાય તેવું બાઈક
૧ વર્ષની વોરંટી સાથે
**વાસુદેવ ઈ-બાઈક**



વિશેષતાઓ :-
- ડીઝીટલ ડીસ્પ્લે.
- ટયુબલેસ ટાયર
- સરળ કી-લેસ ઓપરેટીંગ
- ડયુઅલ હાઈડ્રોલીક સસ્પેન્શન
- સેન્ટ્રલ લોક સીસ્ટમ
- એન્ટી થેફટ સાયરન ઉપલબ્ધ
- ક્રુઝ કન્ટ્રોલ
- રીવર્સ મોડ
- યુ.એસ.બી. મોડ

NIJ

રામદેવપીર મંદિરની સામે, મધુરમ, જૂનાગઢ.
મો. ૯૯૯૮૯ ૭૬૨૨૫



Since 1983
**શંખ બ્રાન્ડ મસાલા**
**ગાયત્રી મસાલા**
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો






**ઓફર...ઓફર...**
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




**સંપૂર્ણ આયુર્વેદિક સારવાર**
પૃથ્વીરાજ હોસ્પિટલ
આયુર્વેદ - પંચકર્મ
ફિઝીયોથેરાપી
- તમામ પ્રકારનાં રોગો
- સાંધાનો દુ:ખાવો
- સાયટીકા
- ચેતાતંત્રના રોગો
- માનસિક રોગો
- પક્ષઘાત
- માઈગ્રેન (આધાશીશી)
- અનિંદ્રા



**ડો. મહિપતસિંહ ડોડીયા**
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ૧૦ ફેબ્રુઆરી, વિશ્વ કઠોળ દિવસ : ગુજરાતમાં કઠોળની નિકાસ વધીને ૨,૪૭,૭૮૯ ટન (એપ્રિલ-જાન્યુઆરી) થઈ, જે ગત વર્ષની સરખામણીએ બમણી છે

## ગુજરાત તુવેર અને ચણાની ઉત્પાદકતામાં પ્રતિ હેક્ટર અનુક્રમે ૧૧૬૩ અને ૧૬૯૯ કિગ્રા સાથે ટોચના સ્થાને, મગ અને અડદની ઉત્પાદકતામાં પ્રતિ હેક્ટર અનુક્રમે ૮૧૦ અને ૭૨૧ કિગ્રા સાથે પાંચમા ક્રમે : આત્મનિર્ભર ભારત મિશન હેઠળ, ગુજરાતમાં કઠોળનો વાવેતર વિસ્તાર ૨૦૧૮-૧૯માં ૬.૬૨ લાખ હેક્ટરથી વધીને ૨૦૨૨-૨૩માં ૧૩.૧૦ લાખ હેક્ટર થયો

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૦

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કૃષિ મહોત્સવ જેવી પહેલો તેમજ સુજલામ સુફલામ અને સૌની યોજના જેવી સિંચાઈ યોજનાઓને કારણે ગુજરાતના કૃષિ ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ થયો છે, જ્યારે ખેડૂતોને લક્ષિત સબસીડીઓ પ્રદાન કરીને તેમજ વ્યૂહાત્મક પ્રયાસો દ્વારા કૃષિપેદાશોની નિકાસમાં પણ ગુજરાત ઘણું મજબૂત થયું છે. એપ્રિલ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીના નિકાસના આંકડાઓ ઉપર નજર નાંખીએ, તો ગુજરાતે કઠોળ, ગુવાર ગમ અને ડેરી ઉત્પાદનોની નિકાસમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી(APEDA)ના અહેવાલ મુજબ, આ સમયગાળા દરમિયાન ૨,૪૭,૭૮૯ ટન કઠોળની નિકાસ થઈ છે, જે ગત વર્ષ કરતા બમણી છે. નિકાસકારોને પણ ડોલરમાં આવકનો ફાયદો થયો છે, જેના કારણે પણ નિકાસમાં વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, કઠોળની ખેતી અને ઉત્પાદકતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વિશ્વભરમાં ૧૦ ફેબ્રુઆરીનો દિવસ 'વિશ્વ કઠોળ દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. વિશ્વમાં કઠોળના સૌથી મોટા ઉત્પાદક અને વપરાશકાર દેશ તરીકે ભારતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ વર્ષના બજેટ સત્રમાં તુવેર, અડદ અને મસૂર જેવા કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતાને પ્રાથમિકતા આપી છે, તેમજ કઠોળના ઉત્પાદનને મજબૂત બનાવવા પર ભાર મૂક્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત આજે કઠોળના ઉત્પાદનમાં એક મુખ્ય યોગદાનકર્તા રાજ્ય તરીકે ઉભર્યું છે, અને આ મહત્વપૂર્ણ ક્ષેત્રે દેશની આત્મનિર્ભરતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

**કઠોળના ઉત્પાદનમાં ગુજરાતનો નોંધપાત્ર વિકાસ**

તુવેર અને ચણાના અનુક્રમે ૧૧૬૩ કિગ્રા પ્રતિ હેક્ટર અને ૧૬૯૯ કિગ્રા પ્રતિ હેક્ટરના ઉત્પાદન સાથે ગુજરાત આ બંને કઠોળના ઉત્પાદનમાં દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. આ ઉપરાંત, મગ અને અડદની ઉત્પાદકતામાં ગુજરાત દેશમાં પાંચમુ સ્થાન ધરાવે છે, જેમાં મગનું ઉત્પાદન ૮૧૦ કિગ્રા પ્રતિ હેક્ટર અને અડદનું ઉત્પાદન ૭૨૧ કિગ્રા પ્રતિ હેક્ટર છે. ગુજરાતમાં ચણા, મગ, અડદ, મઠ, તુવેર, ચોળા, વાલ, વટાણા વગેરે જેવા વિવિધ પ્રકારના કઠોળનું વાવેતર થાય છે. ભારત સરકારના આત્મનિર્ભર ભારત મિશન અંતર્ગત, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં કઠોળના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કઠોળ હેઠળનો કુલ વિસ્તાર ૨૦૧૮-૧૯ માં ૬.૬૨ લાખ હેક્ટરથી વધીને ૨૦૨૨-૨૩ માં ૧૩.૧૦ લાખ હેક્ટર થયો છે. તેવી જ રીતે, કઠોળના ઉત્પાદનમાં પણ લગભગ ત્રણ ગણો વધારો નોંધાયો છે, એટલે કે ઉત્પાદન ૨૦૧૮-૧૯ માં ૬.૭૯ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૦૨૨-૨૩ માં ૧૮.૧૧ લાખ મેટ્રિક ટન થયું છે, જેમાં ચણા, મગ, મઠ અને અડદના ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ખાલી ચણાના જ વાવેતર અને ઉત્પાદનમાં અસાધારણ વૃદ્ધિ જોવા મળી છે. ચણાનો વાવેતર વિસ્તાર ૨૦૧૮-૧૯માં ૧.૭૩ લાખ હેક્ટરથી વધીને ૨૦૨૨-૨૩માં ૭.૬૪ લાખ હેક્ટર થયો છે, જ્યારે આ જ સમયગાળા દરમિયાન ઉત્પાદન ૨.૩૫ લાખ મેટ્રિક ટનથી વધીને ૧૨.૯૮ લાખ મેટ્રિક ટન થયું છે.

**ખેડૂતોની આવકમાં વધારો અને જીવનધોરણમાં સુધારો**

વર્ષ ૨૦૨૦-૨૧થી કઠોળના મુખ્ય પાકોના લઘુતમ ટેકાના ભાવો(MSP)માં સતત વધારો થઈ રહ્યો છે, જેમકે, તુવેર (૨૬%), મગ (૨૧%), અડદ (૨૩%), ચણા (૧૧%) અને મસૂર (૩૧%), જેના કારણે ખેડૂતોની કમાણીમાં નોંધપાત્ર વધારો થયો છે. વધુમાં, કઠોળના પાકો જમીનમાં નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરે છે, જેનાથી જમીનની ફળદ્રુપતા વધી છે. તેના કારણે નાઈટ્રોજન ખાતર પરની નિર્ભરતા અને તેના ઈનપુટ ખર્ચમાં પણ ઘટાડો થયો છે. કઠોળના ઉત્પાદનમાં થયેલા આ વધારાથી ખેડૂતોની આવકમાં વધારો થવાની સાથે જ તેમનું જીવનધોરણ પણ ઊંચું આવ્યું છે. આ લાભોથી પ્રોત્સાહિત થઈને વધુ ને વધુ ખેડૂતો આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે.

**કઠોળ પાકોના ઉત્પાદન માટે ખેડૂતોને મળતી સહાય યોજનાઓ**

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન(NFSM) ચણા, મગ, તુવેર અને અડદ જેવા કઠોળ પાક માટે આવશ્યક સહાય પૂરી પાડે છે. આ પહેલ દ્વારા ખેડૂતોને પ્રમાણિત બીજનું વિતરણ કરવામાં આવે છે, સહાયિત દરે ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવે છે અને વિશેષ તાલીમ પણ આપવામાં આવે છે, જે પાકની ઉત્પાદકતા વધારવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે. ઉપજમાં વધુ વધારો કરવા માટે, રાજ્ય સરકારે બીજ રિપ્લેસમેન્ટ રેટ(SRR) યોજના લાગુ કરી છે, જેનાથી ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રમાણિત બીજ મળે છે, જેનાથી પાકની ગુણવત્તામાં સુધારો થાય છે અને વધુ સારું વળતર મળે છે. જ્યારે બજારભાવો લઘુતમ ટેકાના ભાવો(MSP)થી નીચે જાય ત્યારે, કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત નોડલ એજન્સી ટેકાના ભાવની યોજના(PSS) દ્વારા ખેડૂતો પાસેથી આવા ગુણવત્તાયુક્ત પાકોની ટેકાના ભાવે સીધી ખરીદી કરે છે, જેનાથી તેમની આવકનું રક્ષણ થાય છે અને બજારના ભાવોની વધઘટ વચ્ચે ખેડૂતોને નાણાકીય સ્થિરતા મળે છે.


**કઠોળનું ઉત્પાદન વધારવામાં સિંચાઇ યોજનાઓની અસર**

ગુજરાતની સિંચાઈ યોજનાઓ અને પહેલોએ કઠોળના ઉત્પાદનમાં થયેલા વધારામાં મુખ્ય ભૂમિકા નિભાવી છે. વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૨૪-૨૫ સુધી ટપક સિંચાઈ પદ્ધતિ તેમજ સ્પ્રિંક્લર પદ્ધતિ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ તકનીકોના ઉપયોગ દ્વારા ૨૪,૧૩,૯૪૫ હેક્ટર જમીનને સિંચાઈ હેઠળ લાવવામાં આવી છે. સિંચાઈ માળખાના આ વિસ્તરણથી માત્ર કઠોળના વાવેતર માટે સમર્પિત વિસ્તારમાં જ વધારો નથી થયો, પરંતુ ઉત્પાદનમાં પણ નોંધપાત્ર સુધારો થયો.

**કઠોળની ખેતીમાં આધુનિક તકનીકો અને નવીનીકરણ**

ખેડૂતો ઉત્પાદકતા વધારવા માટે આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. યાંત્રિકીકરણ, સુધારેલી હાઈબ્રિડ જાતો, પ્રમાણિત બીજ અને અદ્યતન બીજ સારવાર તકનીકો ઉપજ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. સિંચાઇ માટે ટપક પિયત અને સ્પ્રિંકલર પદ્ધતિ જેવી કાર્યક્ષમ સિંચાઈ પદ્ધતિઓ, જૈવિક ખાતરોનો ઉપયોગ, મિશ્ર અને આંતરપાક પદ્ધતિ તેમજ પાકની ફેરબદલી જેવી પદ્ધતિઓ કાર્યક્ષમતા અને સંસાધનોના વ્યવસ્થાપનમાં વધુ વધારો કરે છે. થ્રેશર્સ, કમ્બાઈન હાર્વેસ્ટર, ટ્રેક્ટર અને ગ્રેડર સહિતના યાંત્રિક સાધનોના એકીકરણથી ખેતીની કામગીરી સુવ્યવસ્થિત થઈ છે, ખેડૂતોની મજૂરી ઓછી થઈ છે અને કાર્યક્ષમતા વધી છે. આ ઉપરાંત, સંકલિત ખેતી અને પ્રાકૃતિક ખેતી જેવા નવીન અભિગમોએ પણ કઠોળના ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

# ગૌ પ્રત્યે પ્રેમ અને કરૂણા ભાવ વ્યક્ત કરવા તેમજ ગૌરક્ષા પ્રત્યે જાગૃતતા ફેલાવવા ૧૪મી ફેબ્રુઆરી "કાઉ હગ ડે" તરીકે ઉજવવા GCCI ની અપીલ



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૧૦

ગ્લોબલ કોન્ફેડરેશન ઓફ કાઉ-સેન્ટ્રિક ઈન્સ્ટિટ્યુશન્સ (GCCI) દ્વારા ભારતીય ગૌવંશ ધરાવતી ગૌશાળાઓ, ગૌ ભક્તો અને આધ્યાત્મિક સંસ્થાઓને આહ્વાન કરવામાં આવે છે કે તેઓ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ ને "કાઉ હગ ડે" તરીકે ઊજવીએ. આ પહેલ ગૌમાતા પ્રત્યે પ્રેમ અને કરુણાનું ભાવ વ્યક્ત કરવા, ગૌરક્ષણને મજબૂત કરવા અને ગૌઆધારિત અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે છે. આ સાથે ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મ અને સાશ્વત વિકાસમાં ગૌમાતાની ભૂમિકાને ઉજાગર કરશે. GCCI ના સ્થાપક ડૉ. વલ્લભભાઈ કથીરિયા એ 'કાઉ હગ ડે' શા માટે મનાવવો જોઈએ ? તેના પર જણાવ્યું કે, આધુનિક જીવનશૈલીમાં ગૌમાતાનું મહત્વ પ્રજાજનોએ ફરીથી સમજાવી શકાય તે માટે આ દિવસ મહત્વનો બની રહેશે. ગૌમાતાને આલિંગન (હગ, ભેટ) કરવાથી તણાવ ઘટે છે, સકારાત્મક (પોઝીટીવ) ઉર્જા અને માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે તે વાત આધુનિક વિજ્ઞાને પણ સ્વીકારી છે. આ ઉપરાંત, ગૌશાળાઓ અને ગૌઆધારિત ઉદ્યોગો માટે જાગૃતિ પેદા કરવા માટે આ દિવસ એક સારો અવસર બની રહેશે. વિશેષમાં ડૉ.વલ્લભભાઈ કથીરિયાએ 'કાઉ હગ ડે' કેવી રીતે ઉજવવો? તેના વિશે જણાવ્યું કે, ગૌશાળાઓમાં વિશેષ કાર્યક્રમો યોજવા, જેમ કે ગૌપૂજન, ભજન સંધ્યા અને ગૌસેવા પ્રવૃત્તિઓ, સોશ્યલ મીડિયા દ્વારા ગૌસેવાની જાગૃતિ ફેલાવવી, ગૌઆધારિત પંચગવ્ય તેમજ ગોબર અને ગૌમુત્ર થી બનતા ઉત્પાદનોનું માર્કેટમળી રહે તે માટે પ્રદર્શન કરવું GCCI સર્વે ગૌભકતો, વિદ્યાર્થીઓ, ખેડૂતો અને પ્રજાજનોને આહ્વાન કરે છે કે તેઓ આ અભિયાનનો હિસ્સો બને અને વ્યક્તિગત કે સામૂહિક રીતે ગૌ સાથે થોડો સમય વિતાવી ને 'કાઉ હગ ડે ૨૦૨૫' ને ગૌસેવાના ભાવ સાથે ભવ્ય રીતે ઉજવે તેવી ડો. કથીરિયા એ અપીલ કરી છે.

વધુ માહિતી માટે GCCIના જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી, તેજસ ચોટલિયા (મો. ૯૪૨૬૯૧૮૯૦૦), મીનાક્ષી શર્મા (મો. ૮૩૭૩૯૦૯૨૯૫) પર સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ દ્વારા

# "Advancements in AI for healthcare and medical imaging" વિષય ઉપર એક સપ્તાહના ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ દ્વારા ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં AIની મદદથી આરોગ્ય સંભાળ અને તબીબી ઈમેજિંગ ક્ષેત્રમાં નવીનતમ સંસોધન વિશે માહિતી આપી. "Advancements in AI for healthcare and medical imaging" વિષય ઉપર એક સપ્તાહના ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભારતભરમાંથી કુલ ૩૭૭ ફેકલ્ટી મેમ્બરોએ ભાગ લીધો હતો. મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન દ્વારા "Advancements in AI for healthcare and medical imaging" વિષય ઉપર એક સપ્તાહના ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું તા.૨૦ જાન્યુઆરી ૨૦૨૫ થી તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભારતભરમાંથી કુલ ૩૭૭ ફેકલ્ટી મેમ્બરે ભાગ લીધો હતો. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ AIની મદદથી આરોગ્ય સંભાળ અને તબીબી ઈમેજિંગ ક્ષેત્રમાં નવીનતમ સંસોધન વિશે માહિતી આપવાનો હતો. આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ડો. હિમાંશુ ગજેરા- PDEU ગાંધીનગર, ડો. મનીષ ખરે - યુનિવર્સિટી ઓફ અલ્હાબાદ, ડો. ચંદ્ર પ્રકાશ - SVNIT સુરત, ડો. સોનાલી અગ્રવાલ - IIIT અલ્હાબાદ, ડો. આદિત્ય શાસ્ત્રી - PDEU ગાંધીનગર, નીરવ પટેલ - USA, ડો. જયકુમાર એસ. - બેંગ્લોર, ડો. મનોજ કુમાર - UAE, વગેરે ખ્યાતનામ લોકો એ સ્પીકર તરીકે વ્યાખ્યાન આપ્યા હતા. આ ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામને સફળ બનાવવા ડો. દિવ્યકાંત મેવા, એસોસિએટ પ્રોફેસર, મારવાડી યુનિવર્સિટી (કો ઓર્ડીનેટર) એ ભારે જહેમત ઉઠાવી હતી. મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. R B જાડેજા, પ્રો વાઈસ ચાન્સેલર ડો. સંજીત સિંઘ, એક્ઝીક્યુટીવ રજિસ્ટ્રાર નરેશ જાડેજા, ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશનના ડીન ડો. આર. શ્રીધરન એ આ સફળ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી.

# જૂનાગઢ શહેરમાં પૂજય સિધ્ધ યોગીરાજ શ્રી પ્રભુનાથજીની વરસી ઉત્સવ(પૂણ્ય તિથિ) ધામધૂમથી ઉજવવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં ઝુલેલાલ વાડી, ફુલીયા હનુમાન રોડ ઉપર પૂજય સિધ્ધ યોગીરાજ શ્રી પ્રભુનાથજીની વરસી ઉત્સવ શ્રી સોમનાથધામ આગ્રાના ગાદીપતિ પૂજય સિધ્ધ યોગીરાજ પીર ડો. શંકરનાથજીની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવશે. તા.૧૧-૨-૨૦૨૫ના મંગળવારે પૂજય સિધ્ધ યોગીરાજ શંકરનાથજીનું ભવ્ય સ્વાગત સાંજ ૭ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે શહેરના અગ્રણી નાગરીકો, સેવકગણ તેમજ ગુજરાતમાં આવેલ શિષ્યગણ તેઓનું સ્વાગત કરશે અને પાલખી યાત્રા ઝુલેલાલ ચોક આદર્શનગર ખાતે યોજાશે. તા.૧૨-૨-૨૦૨૫ બુધવારના રોજ સવારે ઝુલેલાલ વાડી ખાતે હવન તેમજ કુમારીકાઓને ભોજન પ્રસાદ આપવામાં આવશે.

સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં સારા કલાકારો ભજત-ગીત ગુરૂ વંદનાથી જગમગાવશે. રાત્રે ભંડારા સાહેબનું આયોજન રાખવામાં આવેલ છે. તેમજ તા.૧૩-૨-૨૦૨૫ના ગુરૂવારે સવારે ૯ કલાકે ઝુલેલાલ વાડી, ફુલીયા હનુમાન રોડ ઉપરથી ભવ્ય સરઘસ પરમ પૂજય ગુરૂજી પીર ડો. શંકરનાથજી તેમજ નાથ સંપ્રદાયના સંતોની ઉપસ્થિતિમાં બેન્ડ બાજા સાથે સરઘસ નીળકશે. જેમાં ગુજરાતભરમાંથી આવેલ શિષ્યગણ તેમજ શહેરના નાગરીકો સાથે સોનાપુરી શિવ ગોરક્ષ મંદિરે જશે ત્યાં ભજન કિર્તન, મહા આરતી તેમજ પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. બપોરે ૨ કલાકે ભવ્ય ભંડારા સાહેબનું આયોજન કરેલ છે. શહેરના તમામ નાગરિકોને આ ભંડારા પ્રસાદનો લાભ લેવા પરમ પૂજય ગુરૂજી પીર શંકરનાથજીનું આમંત્રણ છે. સાંજે ૫ વાગ્યે પલ્લવ સાહેબ સાથે વરસી ઉત્સવની પૂર્ણાહુતી કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ આગ્રા મઠના ગાદીપતિ ડો. શંકરનાથજીની પ્રેરણાથી કરવામાં આવશે. તેમજ તા.૮-૨-૨૦૨૫ના રોજ શનિવારે ઉનામાં, તા.૯-૨-૨૦૨૫ના રોજ રવિવારે રાજકોટમાં તેમજ તા.૧૦-૨-૨૦૨૫ના રોજ જેતપુર શહેરમાં પૂજય સિધ્ધ યોગીરાજ પ્રભુનાથજીનો વરસી ઉત્સવ પૂજય ગુરૂજી સિધ્ધ પીર ડો. શંકરનાથજી (આગ્રા મઠના ગાદીપતિ)ની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં સિંધી સમાજના તન્ના પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૧૦

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં તા.૮-૨-૨૦૨૫ને શનિવાર, મહા સુદ અગિયારસના રોજ સિંધી સમાજના (માધવ કરીયાણાવાળા), રહે.સોની ફળીયું, આશિર્વાદ હોસ્પિટલ સામેના સ્વ.રૂપવતીબેન કુંદનદાસ તન્ના(કારેમાં મુખ્યાણી)ઉ.વ.૮૫નું દુઃખદ અવસાન થયેલ છે, જેઓ પરસોતમભાઈ કુંદનદાસ તન્ના, ઈશ્વરભાઈ કુંદનદાસ તન્ના,લચ્છભાઈ કુંદનદાસ તન્ના તેમજ મુરલીધરભાઈ કુંદનદાસ તન્નાના માતૃશ્રી થાય છે. આ તકે તેમના પરિવાર દ્વારા મૃતકના બંન્ને ચક્ષુનું દાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી આથી માંગરોળ સમસ્ત સિંધી નવયુવક મંડળ પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણીએ શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકને જાણ કરતા લોએજ ગામના રાજેશભાઈ સોલંકીએ મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને વિજયભાઈ વી.જોટવા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. ચક્ષુદાન લેતી વખતે દિવ્યેશભાઈ ઘેરવડાએ જરુરી મદદ અને સહયોગ આપ્યો હતો. આ ચક્ષુદાનનો સ્વિકાર ઠાકરભાઈ તન્ના દ્વારા કરવામાં આવ્યો હતો. તન્ના પરિવારે ચક્ષુદાનનો આ પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે તેમના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.રૂપવતીબેનને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. તન્ના પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા,માંગરોળ જાયન્ટ્સ ગૃપ, વિશ્વ હિન્દુપરિષદ, વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ, સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ, શ્રી ડુગરગુરૂ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જૂનાગઢ, ગીરનારી બ્લડ ગૃપ-જૂનાગઢ, ભારત વિકાસ પરિષદ, માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો, માંગરોળ ડોક્ટર એસોસિએશન, ઈન્ડિયન વુમન રાઈટ્સ એસોસિયેશન-માંગરોળ તેમજ પ્રભાતફેરી ધૂન મંડળ દ્વારા બિરદાવવામાં આવે છે.અને આપના પરિવાર ઉપર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેમજ સ્વર્ગસ્થ રૂપવતીબેનના આત્માને ઈશ્વર ચરણમાં સ્થાન મળે તે પ્રાર્થના સહ શ્રધ્ધાંજલી. મિત્રો આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તારમાં કોર્નિયાથી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલાની તપાસ કરીને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકોને કોર્નિયાથી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે. આવી વ્યક્તિની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રિષ્ટ ફરીથી અપાવી શકીએ છીએ.

### મન બધા પાસે હોય, મનોબળ બહુ થોડા પાસે હોય : સિન્ધી સમાજના તૃતિય સમૂહ વિવાહનું ભવ્ય આયોજન

# સૌરાષ્ટ્રના ઈતિહાસમાં પહેલી વખત સિન્ધી સમાજની ૨૫ દિકરીઓના સમૂહ વિવાહ

## જૂનાગઢની પાવન ગિરી તળેટીમાં માઘપૂર્ણિમાને ૧૨મીએ બુધવારે સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનના સમૂહ વિવાહમાં સાંઈ શહેરાવાલે આશિર્વાદ આપવા પધારશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

ગિરીવર ગિરનારની ગોદમાં માઘ પૂર્ણિમા પૂર્ણ કળાએ ખિલ્યા હશે ત્યારે સિન્ધી સમાજની ૨૫ દિકરીઓ વેદોક્ત ઋચા-મંત્રોચ્ચાર સાથે તૃતિય સમુહ વિવાહના દિવ્ય અને ભવ્ય આયોજનમાં પ્રભુતામાં ડગ ભરશે. નવદંપતિને આશિર્વાદ આપવા સિન્ધી સમાજ માટે આસ્થા સમાન સાંઈ શહેરાવાલે ખાસ પધારવાના છે. સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનના સ્થાપક પ્રમુખ સુનિલભાઈ નાવાણીએ સિન્ધી સમાજના ભામાશા એવા ચાંદવાણી પરિવાર (રાણાવાવ) તથા અન્ય દાતા પરિવારો પાસેથી આર્થિક સહયોગ પ્રાપ્ત કરી સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત એક જ સ્થળેથી સિન્ધી સમાજની ૨૫ દિકરીઓના સમૂહ વિવાહની માહિતી આપતા જણાવ્યું કે, સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનના તમામ ટ્રસ્ટીઓ અને દાતાઓની બે હાથોની મહેનત રંગ લાવી છે. ગિરનારના સાનિધ્યમાં પ્રકૃતિધામ સામાજીક સોહાર્દથી આગામી તા. ૧૨ને બુધવારે ઈતિહાસ સર્જનાર છે. ૨૫ લગ્ન મંડપો, સમગ્ર પ્રકૃતિધામનો શણગાર અને ગોધુલી સમયના વિવાહ વખતે ૨૫ ભૂદેવો દ્વારા વેદોક્ત મંત્રોચ્ચારથી વડીલો અને ગુરૂમાં આશિર્વાદ આપવા પધારશે ત્યારે વાતાવરણ દિવ્ય બની જશે. સમૂહ વિવાહમાં ૨૫ નવદંપતિના બન્ને પક્ષના વડીલો માટે ૧૦૦ રૂમનો ઉતારો, સામૈયું અને સિન્ધી સમાજની પરંપરાગત લગ્નવિધિને નિહાળવા જૂનાગઢના કલેક્ટર અનિલકુમાર રાણાવસીયા, એસપી ભગીરથસિંહ જાડેજા, કમિશ્નર ડો. ઓમપ્રકાશ તથા રાજકીય આગેવાનો રાજેશભાઈ ચુડાસમા (સાંસદ), ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જયેશભાઈ રાદડીયા, ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા સહિત આગેવાનો ઉપસ્થિત રહી સામાજીક સોહાર્દ એવા સમૂહ વિવાહમાં નવદંપતિને શુભાશિષ પાઠવશે. સમગ્ર સિન્ધી સમાજમાં જેઓનું આસ્થાભેર સન્માન થઈ રહ્યું છે તેવા સાંઈ શહેરાવાલેજી ઉપરાંત સંતગણમાં મુક્તાનંદબાપુ, શેરનાથબાપુ, ઈન્દ્રભારતીબાપુ, મહેશગીરીબાપુ તથા ખાખી મઢી આશ્રમ મેંદરડાના મહંત સુખરામદાસબાપુ નવદંપતિને આશિર્વાદ પાઠવશે. સમુહ વિવાહની વિસ્તૃત વિગતો આપતા સુનિલભાઈ નાવાણીએ જણાવ્યું કે, ઈષ્ટદેવ ઝૂલેલાલ, સંતશિરોમણી સ્વામી લીલાશાહ મહારાજની કૃપા દ્રષ્ટિથી તા. ૧૨ને બુધવારે સમુહ વિવાહનાં આયોજનમાં બપોરે ૧૨ વાગ્યે જાન આગમન, એક વાગ્યે ભોજન, ચાર વાગ્યે ડીખ, ૫ વાગ્યે લાડા, સાંજે ૬ વાગ્યે બારાતનું સ્વાગત, ૭ વાગ્યે હસ્તમેળાપ, સાંજે ૭.૩૦ વાગ્યે મહાપ્રસાદ અને રાત્રે ૧૦.૩૦ વાગ્યે વિદાય કાર્યક્રમ યોજાશે. સિન્ધી સમાજ માટે રૂડા અવસરમાં સહભાગી થવાના નિમંત્રણ સાથે સમગ્ર સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનની ટીમ કિશોરભાઈ અજવાણી (ઉપપ્રમુખ), ગિરીશભાઈ કાંજાણી (જનરલ સેક્રેટરી), ડો. પાયલ ગોધવાણી, દિલીપભાઈ બહીરવાણી, હરેશભાઈ ગોધવાણી, શ્રીચંદ લાલવાણી, તોલારામ ગહેનાણી, કમલેશભાઈ ધમાણી, હરેશભાઈ ક્રિપલાણી, જગદીશભાઈ રત્નાણી, તુલસીભાઈ ઓતવાણી, જીમ્મીભાઈ લાલવાણી, પ્રેમભાઈ ગોધવાણી, નરેશભાઈ ચેલાણી, હિતેષભાઈ નંદવાણી, અશોકભાઈ લાલવાણી, સુમિતભાઈ વિધાણી, રાજાભાઈ ભાનુશાળી, અંકિતભાઈ મદનાણી તથા પરેશભાઈ સોનૈયા અને સ્વયં સેવકો આ તૃતિય સમુહ વિવાહને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

**સામાજીક સમરસતા અને આપણું લાગવા કરતા, આપણાં હોવાનો અહેસાસ થશે : સુનિલ નાવાણી**

સિન્ધી સમાજની સંસ્કૃતિ, ધર્મ પ્રત્યેની ઉદાત્ત ભાવના ઉપરાંત ગમે તેવી કઠીન સ્થિતિમાં ખુશહાલી દાખવી પોતાના ખમીર અને ઝમીર સાથે જીતતી જ્ઞાતિ છે. સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ સામાજીક સમરસતા ઉપરાંત નાનામાં નાના પરિવારને આપણા હોવાનો અહેસાસ કરવાનો શુભ હેતુ એટલે સમુહ વિવાહ, નવરાત્રીનું આયોજન છે. દાતા પરિવારના સહયોગથી કન્યાને કરીયાવરમાં તમામ ઘરવખરી ઉપરાંત આ વખતે એક લાખનું સુવર્ણદાન આપવાનું કર્તવ્ય નિભાવી દાતાઓએ યથોચિત્ત દાનની સરવાણી વહાવી છે. જ્યારે બે હાથોની મહેનત ફળે છે ત્યારે સમાજના કાર્યો કરવા અમોને અનોખી ઉર્જા મળતી હોવાનું જણાવી સમૂહ વિવાહમાં સહયોગ આપનારા તમામનો આભાર માની સુનિલ નાવાણીએ કૃતજ્ઞતાભાવ વ્યક્ત કર્યો હતો.

### અવસાન નોંધ

દરશાલી : ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ગં.સ્વ.શ્રી શારદાબેન ગૌરીશંકર ઠાકર(ઉ.વ.૮૨)તે મનીષભાઈના માતૃશ્રી તથા ચંદુભાઈ અને અનંતયરાય ઠાકર(જૂનાગઢ)ના કાકી તથા કિશોરભાઈ (જૂનાગઢ)ના મોટાબાનું તા.૮-૨-૨૦૨૫ને શનિવારે અવસાન થયેલ છયે. સદ્ગતનું બેસણું તા.૧૩-૨-૨૦૨૫ને ગુરૂવારે ૩થી ૫ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે સાહિત્ય વિભાગની કાર્યશાળા યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૦

શ્રી સોમનાથ યુનિવર્સિટી ખાતે પાંચ દિવસીય સાહિત્યવિભાગની કાર્યશાળાનું આયોજન તારીખ ૪ થી ૮ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનું ઉદ્‌ઘાટન તા.૪.૨.૨૦૨૫ના રોજ સવારે ૧૧ કલાકે થયું હતું. કાર્યશાળામાં પાંચ દિવસ દરમિયાન સાહિત્યશાસ્ત્રના વિશિષ્ટ ગ્રંથ કાવ્યાલંકારસૂત્રવૃત્તિ પર ૨૨ વ્યાખ્યાનો આપવામાં આવ્યાં હતાં. આ કાર્યશાળાનું સમાપન તા. ૮.૨.૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ જેમાં અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ પ્રો. વિનોદ કુમાર ઝા, પ્રિન્સિપાલ ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, ડૉ. ડાયાલાલ મોકરીયા, સંયોજકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રારંભમાં ડૉ. ડાયાલાય મોકરીયા દ્વારા શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમનો વૃત્તાંત રજૂ કરવામાં આવ્યો હતો.

આ તકે પ્રિન્સિપલ ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા દ્વારા આ કાર્યશાળાના આયોજનને બિરદાવી, પ્રાપ્ત કરેલા જ્ઞાનનું ક્રિયાન્વયન થાય તેવી શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યાં હતાં. પ્રો. વિનોદ કુમાર ઝા દ્વારા શાસ્ત્રીય પદ્ધતિ વડે કાવ્ય અને કાવ્યનાં ઉપકારક તત્ત્વો વિશે વાત કરી કાર્યશાળાની સફળતા માટે અભિનંદન પાઠવ્યાં હતાં. અંતે ડૉ. રામકુમારી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યશાળામાં થયેલાં તમામ વ્યાખ્યાનો યુ-ટ્યૂબ ચેનલ પર લાઈવ પ્રસારિત કરવામાં આવ્યાં હતાં. જેથી અનેક લોકો તેનાથી લાભાન્વિત થઈ શકે. આ કાર્યશાળામાં યુનિવર્સિટીના ૪૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાવ્યશાસ્ત્રીય વિષયોથી પરિચિત થયાં હતાં. કાર્યશાળાનાં સંયોજક તરીકે ડૉ. ડાયાલાલ મોકરીયા, ડૉ. જીગરભાઈ ભટ્ટ અને ડૉ. રામકુમારીએ કામગીરી કરી હતી.

અક્ષર આરાધકને શબ્દની સ્મરણાંજલિ અપાઈ

# લોકસાહિત્યના જાજરમાન જીવ એવા સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે ભવ્ય લોકડાયરો યોજાયો

**મેરાણ ગઢવી, અનુભા (બાવળી), પિયુદાન ગઢવી, નિકુલદાન ગઢવી, વિજયાબેન વાઘેલા સહિતના દેશ વિદેશમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય ખ્યાતનામ ધુરંધરો ડાયરામાં જમાવટ કરી હતી**




રાજકોટ તા. ૧૦


લોકસાહિત્યના જાજરમાન જીવ એવા સ્વ. જીતુદાન ગઢવીની તૃતીય વાર્ષિક પુણ્યતિથી નિમીતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરામાં મેરાણ ગઢવી, અનુભા (બાવળી), પિયુદાન ગઢવી, નિકુલદાન ગઢવી, વિજયાબેન વાઘેલા સહિતના દેશવિદેશમાં લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય ખ્યાતનામ ધુરંધરોએ સ્વ. જીતુદાન ગઢવીને હદય પૂર્વક શબ્દ સ્વરૂપે સ્મરણાંજલિ આપી હતી અને ડાયરામાં જમાવટ કરીને લોકોને લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનો અદભૂત રસ પીરસ્યો હતો. રાજકોટના લોકલાડીલા ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહે ઉપસ્થિત રહી ડાયરાની મોજ માણી હતી.

લોક ડાયરાને પુરૂષોતમ રૂપાલાજી (સાંસદશ્રી રાજકોટ), દિલીપભાઈ સંઘાણી (ઈફકો, ચેરમેન), વિજયભાઈ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રી), ઉદયભાઈ કાનગડ (ધારાસભ્ય), નયનાબેન પેઢડીયા (મેયર- રાજકોટ), નરેન્દ્રસિંહ જાડેજા (ડેપ્યુટી મેયર), જયમીનભાઈ ઠાકર (સ્ટેન્ડીંગ ચેરમેન, રાજકોટ), નીતિનભાઈ ભારદ્વાજ, નરેશભાઈ પટેલ (ખોડલધામ), શામજીભાઈ ખુંટ (પીપલ્સ કો.ઓપ. બેંકના ચેરમેન), રાજદિપસિંહ જાડેજા (રીબડા), મિતલ ખેતાણી (શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-રાજકોટ), ડો. યજ્ઞેશ જોષી (પ્રાધ્યાપક), ડો. બળવંત જાની, રામકુભાઈ ખાચર, જયેશભાઈ લોઢીયા, બકુલભાઈ સોરઠીયા (ખોડલધામ), રાજેન્દ્રસિંહ જાડેજા (ખીરસરા), મયુરધ્વજસિંહ જાડેજા (જે.એમ.જે. ગ્રુપ), દિનેશભાઈ વિરાણી (ઉત્સવ ગ્રુપ), મનુભાઈ વઘાસીયા સહિતનાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રનાં નાના એવા ગામ વાંકાનેરમાં સ્વ.હરીસંગભાઈ તથા દોલતબાના કુખે જન્મેલ જીતુદાન ગઢવીનો જન્મ થયેલ, નાનપણથી જ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં રૂચી ધરાવતા, એ જમાનામાં કૃષિ ડીપ્લોમાંનું ભણતર પૂરૂં કરીને, ૧૭ વર્ષ જેટલો સમય સૌરાષ્ટ્રના જુદા-જુદા ગામડાઓમાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવી પણ તેમનો મુળ જીવ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યમાં પરોવાયેલ હોવાથી આશરે ૫૦ વર્ષ પહેલા લોકડાયરાની શરૂઆત કરી સમગ્ર વિશ્વમાં ચારણી સાહિત્યને ગુંજતુ કર્યું હતું. સ્વ. જીતુદાન ગઢવીનાં પુત્ર જયદાન ગઢવીએ ઉપસ્થિત સૌ આમંત્રિત મહેમાનો, રાજકીય મહાનુભાવો, રાજકોટની ડાયરા પ્રેમી જનતા, પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનીક્સ મીડિયા સહિતનાઓનો આભાર માન્યો હતો.

# અમરેલીના ફોરવર્ડ ગ્રાઉન્ડ ખાતે આહિર સમાજનો ભવ્ય જાજરમાન સમૂહલગ્નોત્સવ યોજાયો , ૧૭ નવ દંપતીઓએ પ્રભુતામાં પગલા પડ્યા

**આહિર સમાજનો દરેક પરિવાર સમૂહલગ્નોત્સવમાં જોડાવાનો સંકલ્પ લે તેવુ એક દિકરીની નમ્ર અપીલ : પૂનમબેન માડમ**



અમરેલી તા. ૧૦

સમગ્ર દેશમાં શિક્ષણનો વ્યાપ વધતા હાલ દરેક સમાજ સમયની સાથે તાલ મિલાવીને દેખાદેખી રૂપી થતા લગ્નો પાછળ ના ખર્ચ ઘટાડી ને સમૂહ લગ્નો માં સમાજ સુધારણા રૂપી નવતર પહેલ કરતા જોવા મળી રહ્યા છે. અમરેલી જિલ્લા આહિર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલી ના ફોરવર્ડ સ્કૂલ ના ગ્રાઉન્ડ ખાતે ભવ્ય જાજરમાન સમૂહલગ્નોત્સવ નુ આયોજન ઈષ્ટદેવ શ્રી દ્વારકાધીશના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યુ હતું. આ સમૂહ લગ્નોત્સવમાં ૧૭ નવ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા.જાજરમાન સમૂહલગ્નોત્સવ માં આહિર સમાજે સાધુ સમાજની એક દીકરીને સાથે લગ્નોત્સવ માં જોડીને આશરા ધર્મને સાર્થક કરી સમાજસેવાનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

સમુહલગ્ન સ્થળ પર જ વિશાળ સંખ્યામાં આહિર સમાજના યુવાનો હાજર હોય ત્યારે મહા રક્તદાન કેમ્પ યોજી રક્તદાન મહાદાનના સંદેશા સાથે દર્દી નારાયણની સેવાને પણ મહત્વ અપાયું હતું. આ ભવ્ય સમુહ લગ્નોત્સવરૂપી સમજસુધારણાના યજ્ઞમાં જોડાયેલા તમામ દિકરીઓને સમાજના ઉદારદીલ દાતાઓના સહયોગથી ૨૭૨ જેટલી જીવન જરૂરી ટકાઉ ચીજવસ્તુઓ કરીયાવર ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આ કાર્યક્રમ માં આયોજકોના નિમંત્રણને માન આપી ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ સમાજની દિકરીઓને વધુમાં વધુ પ્રમાણમાં સમૂહલગ્નોત્સવમાં જોડાઈને સમાજ સુધારણા રૂપી પહેલને ખુબ આગળ વધારવા અપીલ કરાઈ હતી. ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક એવા અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા પણ આહિર સમાજનો આશરા ધર્મને યાદ કરી આયોજકો અને સમૂહ લગ્નોત્સવમાં જોડાયેલ નવ દંપત્તિઓને બિરદાવ્યા હતા. જામનગર સાંસદ એવા આહિર સમાજના મહિલા અગ્રણી પૂનમબેન માડમ દ્વારા અમરેલી જિલ્લા આહિર સમાજના દરેક સમૂહલગ્નોત્સવમાં હાજરી આપીને પોતાના વકતવ્યમાં વર્તમાન સમયની તાતી જરૂરિયાત રૂપી આ સમાજ સુધારણાના સેવાયજ્ઞને અવિરત તાલુકા લેવલ સુધી લઈ જવા અને સમાજના આગેવાનો પોતાના સંતાનોને પણ સમૂહ લગ્નોત્સવમાં ખાસ જોડવા અપીલ કરાઈ હતી. આ તકે લોકસાહિત્યકાર માયાભાઈ આહિર દ્વારા વર્તમાન સમયની મોટી સમસ્યાએ તૂટતા સંયુક્ત પરિવારો છે તે આહિર સમાજમાં અપાયેલા પારિવારિક સંસ્કારો જીવંત હોવાથી હજુ નહિવત જોવા મળી રહ્યું છે ત્યારે તેને જાળવી રાખવા અપીલ કરાઈ હતી. આ સાથે આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર માયાભાઈ આહિર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, અમરીશભાઈ ડેર, ઓમ શાંતિના ગીતાદીદી સહીતના અનેક મહાનુભાવોએ સમાજ સુધારણા રૂપી આ ભગીરથ કાર્યને આવકારી નવ દંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં આહિર સમાજના આ સમાજ સેવા રૂપી યજ્ઞમાં દાન આપનાર દાતાશ્રીઓ, રાજસ્વી પદાધિકારીઓ અને સ્વયં સેવકોને મોમેન્ટો, શાલ અને ભાગવત ગીતાજી આપી સન્માનિત કરાયા હતા. અમરેલી જિલ્લા આહીર ચેરિટેબલ ટ્રસ્ટના નેજા નીચે યોજાયેલ આ સમૂહલગ્નોત્સવમાં અમરેલી જિલ્લા આહિર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર અને ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળના માર્ગદર્શન નીચે અમરેલી જિલ્લા યુવા આહિર સમાજના પ્રમુખ કમલેશભાઈ ગરણિયાના નેતૃત્વમાં સમગ્ર જિલ્લાના યુવાનો, વડીલો અને દાતાઓના સહયોગથી ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા,ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદસભ્ય પૂનમબેન માડમ ,ધારાસભ્ય ભગવાભાઈ બારડ, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા, માયાભાઈ આહિર, અમરીશભાઈ ડેર, સહીત આહિર સમાજના રાજકીય, સામાજિક આગેવાનો, ઉદ્યોગપતિઓ, અધિકારીઓ અને સમગ્ર જિલ્લામાંથી આહિર સમાજના લોકો ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સાથે ભવિષ્યમાં આવા વધુને વધુ સમુહલગ્નો થાય અને સમાજનો દરેક પરિવાર આ લગ્નોત્સવમાં જોડાય તેવી ઈચ્છાઓ વ્યક્ત કરી હતી. સાથે ઉપસ્થિત તમામ આમંત્રિત આગેવાનો અને લોકોએ આયોજકોના સુંદર આયોજનની પ્રેરાઈને આયોજકો અને સ્વયંસેવકોની પીઠ થાબડી અભિનંદન આપ્યા હતા.

# આચાર્ય લોકેશજીના વરદહસ્તે 'જૈન અભિનવ દીક્ષા મહોત્સવ' સંપન્ન

**પ્રકૃતિ અને સંસ્કૃતિનું રક્ષણ ભગવાન મહાવીર દર્શનથી શક્ય : ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી**




અમદાવાદ તા. ૧૦

'અહિંસા વિશ્વ ભારતી'ના સ્થાપક અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ના સ્થાપક પૂજ્ય આચાર્ય લોકેશજીના કરકમલો દ્વારા અમદાવાદમાં "જૈન અભિનવ દીક્ષા" આનંદપૂર્વક સંપન્ન થયો. આ અભિનવ દીક્ષા સમારંભમાં મુખ્ય અતિથિ ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને ગુજરાતના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ આચાર્ય લોકેશજીના કરકમલો દ્વારા દિક્ષિત થયેલા મુમુક્ષુ ચેતનને શુભેચ્છાઓ પાઠવી. સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક (જૂનો રાજભવન) ખાતે આયોજિત કાર્યક્રમમાં "ભગવાન મહાવીર દર્શનથી પ્રકૃતિ અને સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધન વિષયક રાષ્ટ્રીય વાર્તાલાપ યોજાયો હતો.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સૌ ને સંબોધતા કહ્યું કે, "ભગવાન મહાવીરના દર્શન દ્વારા પ્રકૃતિ અને સંસ્કૃતિનું રક્ષણ શક્ય છે. ગુરુ-શિષ્ય પરંપરાએ હજારો વર્ષોથી ભારતની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓને જીવંત રાખી છે. આચાર્ય લોકેશજી દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પર્યાવરણ સંરક્ષણ માટે કરાયેલ કાર્ય પ્રશંસનીય છે."


આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે, "જૈન ધર્મના ૨૨મા તીર્થંકર ભગવાન અશિષ્ઠનેમિ, જે ભગવાન કૃષ્ણના ભાઈ હતા, તેમની પવિત્ર જન્મભૂમિ સૌરીપુર બટેશ્વર ક્ષેત્રમાં જન્મેલા મુમુક્ષુ ચેતનને દિક્ષિત કરતાં મને ખૂબ આનંદ થાય છે. ભીમરાવ અંબેડકર યુનિવર્સિટી, વર્કતુલ્લા યુનિવર્સિટી, ગોવા યુનિવર્સિટી અને ગોવા રાજભવનમાં સૈદ્ધાંતિક અને પ્રોગ્રામાત્મક યોગ શીખવ્યા બાદ હવે મુમુક્ષુ ચેતન વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા ભગવાન મહાવીરનાં દર્શન જનમાસ સુધી પહોંચાડશે."

ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "જૈન સિદ્ધાંતો પર આધારિત જીવનશૈલી અપનાવવાથી અનેક વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન શક્ય છે. આચાર્યશ્રીએ ભગવાન મહાવીરના અહિંસા, અપરીગ્રહ, અનેકાંત, કરુણા અને સંયમના સિદ્ધાંતોને વૈશ્વિક સ્તરે પ્રસાર કરી જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યુ છે." મુમુક્ષુ ચેતને જણાવ્યું કે, "સંયમ આધારિત જીવનશૈલી દ્વારા આત્મિક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે અને સામાજિક સમરસતાનું માર્ગ પણ પ્રસ્થાપિત થાય છે."

જૈન અભિનવ દીક્ષા સમારંભમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પરમ પૂજ્ય સ્વામી શ્રી માધવપ્રિયદાસજી, જૈન દિગંબર પરંપરાના ક્ષુલ્લક યોગભૂષણજી, જૈન શ્વેતાંબર પરંપરાના શ્રી વિવેકમુનિજી, પદ્મશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ, શ્રુતરત્નાકરના નિયામક શ્રી જીતેન્દ્ર શાહ, સમાજસેવી ચંદ્ર પ્રકાશ ચોપડા, સંયોજક નરેશ સાલેચા, ડૉ. રૂપકુમાર અગ્રવાલે પણ સભાને સંબોધી હતી. આ અવસરે પી.આર. કાંકરીયા, લૂણચંદ કાંકરીયા, સંપતરાજ ચૌધરી, બાબૂલાલ કવાડ, બજરંગલાલ અગ્રવાલ, ડૉ. રાકેશ જોશી, ઓમપ્રકાશ મહેતા, ડૉ. વિષ્ણુ મિત્તલ, ડૉ. હસમુખ અગ્રવાલ, ભૂપતરાજ કાંટેર, કિશોર જૈન, રતનલાલ હળાવાળા, અશોકકુમાર બાફના, ગૌરાંગ ભગત ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ૧૦ ફેબ્રુઆરી, ''વિશ્વ કઠોળ દિવસ''

**સોયાબીનમાં નોનવેજ કરતા પણ વધારે પ્રોટીન હોય છે**



વિશ્વ કઠોળ દિવસ શરૂ કરવા પાછળનો હેતુ સંયુક્ત રાષ્ટ્રનાં 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન'નાં નેતૃત્વ હેઠળ કઠોળનાં પોષણ અને પર્યાવરણીય ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. પ્રથમ વખત આ દિવસ ૨૦૧૬ માં ઉજવવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ષ ૨૦૧૯ માં ૧૦ ફેબ્રુઆરીને 'આંતરરાષ્ટ્રીય કઠોળ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. 'વિશ્વ કઠોળ દિવસ'ની ઉજવણી પાછળનો હેતુ જમીનની ઉત્પાદકતા અને કઠોળની ઉત્પાદકતા, ખેતી પ્રણાલીમાં સ્થિતિસ્થાપકતા, ખેડૂતો માટે સારું જીવન અને યોગ્ય ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે.

આજકાલ આપણા બધાની જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડનું પ્રમાણ ઘણું વધી ગયું છે, જેના કારણે આપણા આહારમાં કઠોળનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. જેના કારણે શરીરને સંપૂર્ણ પોષણ મળતું નથી અને બાળકો અને યુવાનો સહિત દરેકનાં સ્વાસ્થ્યને અસર થાય છે. કઠોળના સેવનથી લોહી શુદ્ધ થાય છે, પાચન તંત્ર મજબૂત થાય છે, હાડકા મજબુત બને, વજન કંટ્રોલમાં રહે વગેરે જેવા મહત્વના ફાયદાઓ થાય છે.

આજકાલ કસરતી શરીર બનાવવા માટે યુવાનો નોનવેજ ખાતા થઈ ગયા છે, પરંતુ નોનવેજમાં સૌથી વધુ પ્રોટીન ૧૦૦ ગ્રામ ચિકનમાં ૩૨.૮ ગ્રામ ઉપલબ્ધ છે જયારે કઠોળમાં આવતા સોયાબીનમાં ૩૬ ગ્રામ પ્રોટીન હોય છે. આથી શાકાહાર સંપૂર્ણ આહાર છે એ સાબિત થાય છે.

કઠોળનો ઉપયોગ ઓછામાં ઓછા ૧૦ હજાર વર્ષોથી કરવામાં આવે છે અને તે વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ખોરાકમાંનો એક છે. કઠોળ પ્રોટીન અને ફાઈબર તેમજ આયર્ન, ઝિંક, ફોલેટ અને મેગ્નેશિયમ જેવા વિટામિન્સ અને ખનિજોનો નોંધપાત્ર સ્ત્રોત પૂરો પાડે છે અને દરરોજ અડધો કપ કઠોળ અથવા વટાણાનું સેવન કરવાથી આ પોષક તત્વોનાં સેવનમાં વધારો કરીને આહારની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

-મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# દ્વારકામાં પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૦

આગામી દ્વારકા નગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૫ અનુસંધાને દ્વારકા પોલીસ સ્ટેશન ના પીઆઈ ડી. એચ.ભટ્ટ તથા ટ્રાફિક પીએસઆઈ એન. ડી. કલોતરા તથા સ્ટાફ તેમજ srp ગ્રુપ નંબર-૮ ના psi તથા srp જવાનો સાથે તા.૦૮/૦૨/૨૫ ના રોજ દ્વારકા પો. સ્ટેશન વિસ્તારમાં આવેલ તમામ ક્રિટિકલ તથા સામાન્ય બુથ બિલ્ડીંગ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું તથા દ્વારકા ટાઉન વિસ્તારમાં ભથાણ ચોક, જોધાભા માણેક ચોક, મંદિર ચોક, તીનબત્તી ચોક મટુકી ચોક વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# USના પ્રતિબંધો સામે સંગઠિત થવા ઈન્ટર. ક્રિમિનલ કોર્ટની સભ્ય દેશોને હાકલ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લાદેલા પ્રતિબંધો સામે ઊભા થવા ધ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા સભ્ય દેશોને હાકલ કરવામાં આવી છે. સંસ્થાની સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયિક કામગીરીને હાનિ પહોંચાડવા અમેરિકાએ આ પગલું લીધું હોવાનો દાવો પણ થયો છે. નેધરલેન્ડના હેગ ખાતે આવેલી કોર્ટના સત્તાવાર નિવેદનમાં અમેરિકાના આ પગલાંને વખોડી કાઢવાની સાથે સમગ્ર વિશ્વમાં અત્યાચારથી પીડાતા લાખો લોકોને ન્યાય અપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ગાઝા પટ્ટીમાં કથિત યુદ્ધ અપરાધો બદલ ધ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સામે ગત વર્ષે એરેસ્ટ વોરંટ જારી કરવામાં આવ્યુ હતું. જેના જવાબમાં વ્હાઈટ હાઉસ દ્વારા એક્ઝિક્યુટિવ ઓર્ડર ગુરુવારે જારી થયો હતો અને અમેરિકા તથા તેના નિકટના સાથી દેશ ઈઝરાયલ સામેની કાર્યવાહીને ગેરકાયદે-પાયાવિહોણી ગણાવવામાં આવી હતી. હેગ ખાતે આવેલી ICC દ્વારા અમેરિકાના આ પગલાની ટીકા કરવામાં આવી છે. ICCની સત્તાવાર યાદી મુજબ, સમગ્ર વિશ્વમાં અત્યાચારનો ભોગ બની રહેલા લાખો લોકોને ન્યાય અપાવવા અને તેમને નવી આશા આપવાની દિશામાં કોર્ટ તથા તેના સભ્યો કોઈ કચાશ રાખશે નહીં. ICCના તમામ 125 સભ્ય દેશો સહિત સમગ્ર સભ્ય સમાજને મૂળભૂત માનવઅધિકાર અને ન્યાય માટે સંગઠિત થવા માટે હાકલ કરવામાં આવી છે. અમેરિકા દ્વારા ICCના અધિકારી, કર્મચારી અને તેમનાં પરિવારજનો સામે સહાથી માંડીને આકરાં પગલાની શક્યતા છે. ICCમાં ઉલ્લંઘન કરનારાની મિલકતો જપ્ત થઈ શકે છે અને તેમને અમેરિકામાં પ્રવેશ પર પણ પ્રતિબંધ આવી શકે છે. અગાઉ માનવ અધિકાર સંગઠનોએ અમેરિકાના પગલાની ટીકા કરી હતી અને તેનાથી વિવિધ સમૂહો પર અત્યાચાર વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ICC પર પ્રતિબંધો મૂકતા હુકમને મંજૂરી આપી દીધી છે. અમેરિકા અને વિશ્વાસુ સાથી દેશ ઈઝરાયલને ખોટી રીતે હેરાન કરાતા હોવાના દાવા સાથે આ આ પગલું લેવામાં આવ્યું છે. ટ્રમ્પ સરકારે જાહેર કરેલાં પગલાંમાં ICCની તપાસમાં મદદ કરનારા અમેરિકન નાગરિકો અને મદદગારો પર વિઝાના અંકુશ તથા આર્થિક અંકુશો મૂકવામાં આવ્યા છે. ICCને મદદ કરનારા લોકોના પરિવારો પર પણ જ અમેરિકા સરકાર આવાં કડક પગલાં લેશે.

# પ્રાંત અધિકારી અને મામલતદારો માટે મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યમાં કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. આ ઉપરાંત હવે પ્રાંત અધિકારી અને મામલતદારને પણ લોગબુકનો જ ઉપયોગ કરવો પડશે. મળતી માહિતી મુજબ, ગુજરાત સરકાર હવે સરકારી કર્મચારીઓ માટે નવા નિર્ણયો લઈ રહી છે. સામાન્ય રીતે પ્રાંત અધિકારી અને મામલતદારને સરકારી કામકાજ અર્થે ફાળવેલ સરકારી પેટ્રોલ અને ડીઝલના વાહનો માટે કાયમી ભથ્થું ચૂકવાતું હતું. જોકે આ કાયમી ભથ્થું ચૂકવવાનો ૨૦૨૨ નો પરિપત્ર મહેસુલ વિભાગે રદ કર્યો છે. હવે આ અધિકારીઓએ પણ લોગબુક અને તે માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. આ વાહનોમાં વપરાતા પેટ્રોલ-ડીઝલની એક્ચ્યુઅલ કિંમત તેમજ દૈનિક ભથ્થું આપવામાં આવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે અપ્રાપ્ય વસ્તુ માટે ચિંતા નથી કરતો અને પ્રાપ્ય વસ્તુનું અભિમાન નથી કરતો તે સાચો સુખી છે.

- મહોપનિષદ્

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા સુદ-૧૩ શ્રી વિશ્વકર્મા જયંતિ, શ્રી મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ (મોઢેરા), ડેઝર્ટ ઉત્સવ-જેસલમેર (ત્રણ દિવસ) તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫, સોમવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૧, પુનર્વસુ નક્ષત્ર, પ્રીતિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સવારે ૧૧:૫૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### ટ્રમ્પે કાઢી મૂકેલા ભારતીયોનું અપમાન ટાળી શકાયું હોત : વિક્રમ મિસરી

# અમેરિકાથી વધુ ૪૮૭ ભારતીયોને ટૂંકમાં ડીપોર્ટ કરાશે : વિદેશ મંત્રાલય

### અમેરિકાએ આપેલી ૨૯૮ ભારતીયની વિગતોની ચકાસણી થઈ રહી છે : એજન્ટ્સના નેટવર્ક્સ વિરુદ્ધ નક્કર કાર્યવાહીની જરૂર



મુંબઈ, તા.૧૦

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં ગેરકાયદે વસાહતીઓને દેશમાંથી કાઢી મુકવાનું સૌથી મોટું અભિયાન હાથ ધર્યું છે, જેના ભાગરૂપે ૧૦૪ ભારતીયોને અપમાનજનક રીતે અમૃતસર મોકલવાનો વિવાદ હજુ શાંત નથી થયો ત્યાં ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું કે અમેરિકા ટૂંક સમયમાં વધુ ૪૮૭ ભારતીયોને ડીપોર્ટ કરશે. આ સાથે મંત્રાલયે કબૂલ્યું હતું કે, ૧૦૪ ભારતીયો સાથે કરાયેલું અપમાનજનક વર્તન ટાળી શકાયું હોત. આ મુદ્દે અમેરિકા સાથે વાત કરવામાં આવશે.કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, અમેરિકન અધિકારીઓએ માહિતી આપી છે કે તેમના દેશમાં ગેરકાયદે રહેતા ૪૮૭ ભારતીયોની તેમણે ઓળખ કરી છે, જેમાંથી ૨૯૮ લોકોની વિગતો ભારતને આપવામાં આવી છે.

તેમને ટૂંક સમયમાં ભારત પાછા મોકલાશે. વધુમાં ૧૦૪ ભારતીયોને હાથકડી અને પગમાં સાંકળ પહેરાવીને ભારત લાવવાનો મુદ્દો અમે અમેરિકન તંત્ર સમક્ષ ઉઠાવ્યો હતો અને તેમને જણાવાયું હતું કે ગેરકાયદે ભારતીય પ્રવાસીઓ સાથે આ પ્રકારનું વર્તન ટાળી શકાયું હોત. અમેરિકન તંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતીની ચકાસણી કરવામાં આવી રહી છે. ગેરકાયદે ભારતીય વસાહતીઓને સ્વદેશ રવાના કરવા અંગે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે, વિદેશ મંત્રી જયશંકરને અમેરિકન અધિકારીઓએ આપેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)ની જાણ કરાઈ છે. વિદેશ મંત્રીએ કહ્યું છે કે આ પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી છે. જોકે, તેમણે ગેરકાયદે વસાહતીઓ સાથે અપમાનજનક વર્તનના મુદ્દાને ગંભીર બાબત ગણાવી હતી. ભારતે આ મુદ્દો અમેરિકન અધિકારીઓ સમક્ષ ઉઠાવ્યો છે.વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે, અમેરિકન તંત્રે અમને ૪૮૭ ભારતીયોને કાઢી મૂકવાના આદેશની જાણ કરી છે. અમે અમેરિકન તંત્રને સ્પષ્ટ કરી દીધું છે કે સ્વદેશ પરત મોકલવામાં આવનારા ભારતીયો સાથે કોઈપણ પ્રકારના અપમાનજનક વર્તનને સાંખી નહીં લેવાય. કોઈપણ પ્રકારના અપમાનજનક વર્તનની અમને માહિતી મળશે તો તુરંત ઉચ્ચ સ્તર પર આ મુદ્દો ઉઠાવાશે. મિસરીએ આશ્વાસન આપ્યું હતું કે, અમેરિકા જે ગેરકાયદે ભારતીયોને ભારત પાછા મોકલી રહ્યું છે તેઓ સુરક્ષિત અને સન્માનજનક રીતે સ્વદેશ પાછા ફરે તે માટે કેન્દ્ર સરકાર સતત ટ્રમ્પ તંત્રના સંપર્કમાં રહેશે. વિક્રમ મિસરીએ ઉમેર્યું હતું કે, પોતાના દેશમાંથી ગેરકાયદે વસાહતીઓને કાઢી મૂકવાની પ્રક્રિયા નવી નથી. આ મુદ્દે વિદેશ મંત્રી જયશંકરે ગુરુવારે સંસદમાં ચર્ચા કરી હતી. વિદેશ સચિવ મિસરીએ ગેરકાયદે ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપતી ગેંગ્સ અને નેટવર્ક્સ વિરુદ્ધ નક્કર કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, આપણે સમગ્ર સિસ્ટમમાં હયાત ગેરકાયદે ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપતી ઈકોસિસ્ટમ પર કાર્યવાહી કરવાની જરૂર છે.

### પતિના માસી સહિતના આખા પરિવારને પત્ની દ્વારા આરોપી બનાવાતા સુપ્રીમની ટકોર

# ઘરેલુ હિંસાના કેસોમાં સાસરિયાને આડેધડ સામેલ ના કરી શકો : સુપ્રીમ

### આરોપી પરિવારના સભ્યોનો ગુનો શું છે તેની વિગતો દર્શાવવી જરૂરી, મનફાવે તેને આરોપી ના બનાવી શકો તેવી ટકોર

નવી દિલ્હી, તા.૧૦

એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કોઇ જ વિશિષ્ટ આરોપો વગર ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યોને ફસાવવાના કેસોની સુનાવણી દરમિયાન સાવચેતી રાખવાની ટકોર કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને ન્યાયાધીશ એન. કોટિશ્વરસિંહની બેંચે કહ્યું હતું કે ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યો સામે નક્કર આરોપો વગર જ આડેધડ આરોપી ના બનાવી શકાય. આમ કરીને ગુનાહિત પ્રક્રિયાનો દુરુપયોગ ના કરી શકો. ઘરેલુ હિંસાના એક મામલામાં ફરિયાદી મહિલાએ પતિ અને તેમના પરિવારના લોકોને તો આરોપી બનાવ્યા જ હતા સાથે પતિના માસી અને પિતરાઈ ભાઈ સહિત પરિવારના અન્ય લોકોને પણ આરોપી બનાવ્યા હતા અને ફરિયાદ દાખલ કરાવી હતી. પરિણામે આરોપીઓ દ્વારા તેલંગાણા હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી, હાઈકોર્ટે શરૂઆતમાં પરિવારના અન્ય લોકો સામેની ફરિયાદ રદ કરવાની ના પાડી દીધી હતી, બાદમાં પરિવારના લોકો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને પલટીને કહ્યું હતું કે પરિવારના અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા તેમની સામે કોઇ વિશેષ આરોપો જ નથી, લગ્ન સંબંધી મામલાઓમાં લાગણીઓ વધી જાય છે, જેનાથી કેસમાં અતિશયોક્તિ થઈ શકે છે જે બાદમાં ઘરેલુ વિવાદોમાં અયોગ્ય રીતે આપરાધિક મામલામાં ફેરવાઈ શકે છે. જ્યારે ગુસ્સો વધી જાય અને સંબંધો ખરાબ થાય છે ત્યારે આરોપોને વધારીને રજુ કરવાની વૃત્તિ પણ તેમાં સામેલ હોય છે. પરંતુ તેનો એ મતલબ નથી કે આવા ઘરેલુ વિવાદોને ગુનાનો રંગ અપાય. સુપ્રીમ કોર્ટે પરિવાર સંસ્થાની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો અને તેને માનવ સમાજનું મૂળ ગણાવી હતી.સુપ્રીમે કહ્યું હતું કે આ પરિવાર સંસ્થા પ્રેમ, સ્નેહ અને એકબીજા પરના વિશ્વાસના પાયા પર બની છે. કાયદાનો ઉદ્દેશ્ય ઘરેલુ હિંસાનો શિકાર બનતી મહિલાઓના રક્ષણ માટે છે, તેનો ઉપયોગ યોગ્ય પુરાવા વગર જ પારિવારિક સંબંધો તોડવા માટે ના કરી શકાય. જો પરિવારના અન્ય સભ્યો હિંસા કે ઝઘડામાં સામેલ ના થાય કે પીડિતને મદદ ના કરે તો તેનો મતલબ એ નથી કે તેમને પણ ઘરેલુ હિંસાના કેસમાં આરોપી બનાવી દેવાય. આ કેસમાં પીડિતાએ જ કાયદાનો દુરુપયોગ કર્યાનું સાબિત થાય છે. પીડિતાએ તમામને આરોપી તો બનાવ્યા પણ તેમનો શું ગુનો છે તે સાબિત ના થયું, સુપ્રીમે કહ્યું હતું કે આવા મામલામાં પરિવારના ક્યા સભ્યએ ક્યો ગુનો કર્યો તે દર્શાવવું જરૂરી છે.

### ભારતે નારાજગી વ્યક્તિ કરી

# અમેરિકા ભારતીયો સાથેની અમાનવીય વર્તણૂક ટાળી શક્યું હોત

### ૨૦૧૨માં ગેરકાયદે ભારતીય વસાહતિઓને હાથકડી અને બેડી પહેરાવીને ભારત પરત મોકલાયા હતાં

નવી દિલ્હી, તા.૧૦

અમેરિકામાં ગેરકાયદે વસતાં ભારતીયોને અમાનવીય રીતે સ્વદેશ પરત મોકલવાના મુદ્દે ભારતે અમેરિકા સમક્ષ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, અમેરિકા આ પ્રકારનું અમાનવીય વર્તન ટાળી શક્યું હોત. વિદેશ સચિવ વિક્રાંત મિસરીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમે આ મુદ્દે અમેરિકા સમક્ષ નારાજગી રજૂ કરી હતી અને તેમને જણાવ્યું હતું કે આ પ્રકારની સ્થિતિ નિવારી શકાઈ હોત. મિસરીએ વધુમાં જણાવ્યું હતું કે, હજી ૪૮૭ ભારતીય નાગરિકો એવા છે જેમને દેશનિકાલના આદેશો જારી કરવામાં આવ્યા છે, આ પૈકીના ૨૯૮ નાગરિકોની માહિતી ભારતને આપવામાં આવી છે. અમેરિકા દ્વારા સોંપાયેલી માહિતીની હાલ ચકાસણી કરાઈ રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ૨૦૧૨માં ગેરકાયદે ભારતીય વસાહતિઓને હાથકડી અને બેડી પહેરાવીને ભારત પરત મોકલાયા હતાં, શું તે વખતે ભારતે અમેરિકા સમક્ષ તેનો વિરોધ નોંધાવ્યો હતો કે કેમ તેવા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે, ગેરકાયદે વસાહતિઓને બંદી બનાવી દેશનિકાલ કરવાની અમેરિકાની નીતિ ૨૦૧૨ની સાલથી અમલી છે. આ અગાઉ ક્યારેય આ મામલે વિરોધ નોંધાયો હોવાની મને જાણ નથી કે ક્યાંય સત્તાવાર નોંધ પર પણ નથી. વિદેશમંત્રી એસ. જયશંકર દ્વારા ગુરૂવારે સંસદમાં આપેલા નિવેદનનો સંદર્ભ આપતાં મિસરીએ જણાવ્યું હતું કે, અમેરિકાએ ગેરકાયદે વસાહતિઓને બંદી બનાવવા અંગેની તેની નિર્ધારિત કાર્યવાહી અંગે ભારતને જાણ કરેલી છે. એટલું જ નહીં વિદેશમંત્રીએ સંસદમાં એ બાબત અંગે પણ ધ્યાન દોર્યું હતું કે, આ શિરસ્તો છેક ૨૦૧૨ની સાલથી અમલમાં છે. વિદેશ સચિવે જણાવ્યું હતું કે, દેશનિકાલ કરાયેલા નાગરિકો સાથે ગેરવર્તણૂક ના થાય તે બાબતે અમેરિકન સત્તાવાળાઓ સમક્ષ ભારત સતત રજૂઆત કરી રહ્યું છે. અમારા ધ્યાનમાં આવેલાં આવા તમામ કિસ્સાઓ અંગે અમે અમેરિકા સમક્ષ રજૂઆત કરીશું.

# મસ્કની સામે અમેરિકાના ૧૨ રાજ્યોના એટર્નીએ બાંયો ચઢાવી

વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકામાં કેટલાક રાજ્યોના એટર્ની જનરલોએ ગુરુવારે ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીન(ડીઓજીઇ)ને અમેરિકનોની સંવેદનશીલ વ્યક્તિગત માહિતી ધરાવતી ફેડરલ પેમેન્ટ સિસ્ટમનું એક્સેસ લેતા અટકાવવા માટે કેસ કરવાની તૈયારી દાખવી છે.ન્યૂયોર્કના લેટિટિયા જેમ્સ સહિતના ડઝનેક એટર્ની જનરલોએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે અમે અમારા બંધારણ, અમારી પ્રાઈવસીના અધિકાર તથા જરુરી ફંડિંગ મેળવતી વ્યક્તિઓ તથા વિવિધ કમ્યુનિટીઝે પણ વિરોધ કર્યો છે.આ નિવેદનમાં જણાવાયું હતું કે મસ્કે ભલે વિશ્વનો સૌથી ધનવાન વ્યક્તિ હોય પરંતુ તેને પણ ના પાડવી જરુરી છે. આપણા દેશમાં કોઈપણ કાયદાથી પર નથી. પ્રેસિડેન્ટ પાસે પણઆપણી માહિતી તેમની પસંદગીની વ્યક્તિને આપવાની સત્તા નથી અને તે કોંગ્રેસ દ્વારા પાસ કરવામાં આવેલી ફેડરલ પેમેન્ટ્સમાં કાપ મૂકી શકે નહીં.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૦-૨-૨૦૨૫ થી ૧૬-૨-૨૦૨૫ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદ:ખ થાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

# શહેરોમાં ટ્રાફિકની સમસ્યાને પહોંચી વળવા અલગ ટ્રાફિક ફોર્સ બનાવવા માટે સરકારને હાઈકોર્ટનું સૂચન

## નાના મોટા શહેરોમાં જરૂરિયાત પ્રમાણે અલગ ટ્રાફિક કેડર ઊભી કરી શકાય કે કેમ તેનો એક અહેવાલ રાજ્ય ટ્રાફિક બ્રાન્ચ સાથે મસલત કરીને રજૂ કરવા ચીફ જસ્ટિસ દ્વારા આદેશ અપાયો



અમદાવાદ, તા.૧૦ ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનું સૂચન કરતા રાજ્યમાં અલગ ટ્રાફિક ફોર્સ એટલે કે ટ્રાફિક પોલીસની એક અલગ જ પ્રકારની શાખા ઉભી કરવા માટે રાજ્ય સરકારને સૂચન કરેલું છે અને આ બાબતે શક્યતાઓ કેવી છે અને નાના મોટા શહેરોની વસ્તી પ્રમાણે કેવી રીતે અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરી શકાય તેનો એક અહેવાલ રાજ્ય ટ્રાફિક બ્રાન્ચના સાથે મતલબ કરીને તૈયાર કરીને રજૂ કરવા આદેશ કર્યો છે. એટલું જ નહીં હેલ્મેટના નિયમોનો અમલ થયો છે કે નહીં તે બાબતે પણ હાઈકોર્ટે આદેશ આપ્યો છે. વળી ખુદ હાઈકોર્ટે પણ પોતાના કર્મચારીઓ અને અધિકારીઓ કે જેઓ ટુ-વ્હીલર ઉપર આવે છે તેમના માટે હેલ્મેટ પહેરવાનો નિયમ ફરજિયાત બનાયો હોવાથી તેનો પણ અમલ થાય છે કે નહીં તે બાબતે રજીસ્ટ્રાર જનરલ ને એક રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ કર્યો હતો. ઉલ્લેખનિય છે કે હાઈકોર્ટ દ્વારા એ પરિપત્ર બહાર પાડીને પોતાના કર્મચારીઓને હેલ્મેટ પહેરવું ફરજિયાત છે તેઓ નિયમ લાગુ કર્યો હતો. હાઈકોર્ટના આ પરિપત્ર બાદ રાજ્ય સરકારના અલગ અલગ વિભાગોએ પણ પોતાના કર્મચારીઓ માટે આવો નિયમ લાગુ કર્યો હતો. રાજ્યના અનેક શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ, તૂટેલા રસ્તાઓ અને ટ્રાફિક જામની સમસ્યાઓ બાબતે એક સુઓ મોટો પીઆઈએલ ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહી છે. આ અરજીની સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટિસ દ્વારા સરકારી વકીલને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે રાજયમાં ટ્રાફિક પોલીસની અલગ કેડર છે કે નહીં ત્યારે સરકારી વકીલ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે બિનહથિયાર ધારી પોલીસ કોન્સ્ટેબલો અને અધિકારીઓને પ્રતિનિયુક્તિ ઉપર ટ્રાફિક શાખામાં મૂકવામાં આવે છે. આ સાંભળીને ચીફ જસ્ટિસ દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે શું તેઓને તાલીમ પણ આપવામાં આવે છે તો સરકારીવકીલ એ હકારમાં જવાબ આપ્યોહતો . બીજી બાજુ ગત વર્ષે ચીફ જસ્ટિસની કોર્ટ દ્વારા ટુવિલર ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત પહેરવાનો નિયમ કડકાઈથી અમલમાં લાવવા માટે આદેશ કરવામાં આવ્યો હતો તે બાબતમાં પણ પૃચ્છા કરી હતી. આથી અદાલતે આ બાબતમાં એટલે કે હેલ્મેટના નિયમો ટ્રાફિક મેનેજમેન્ટ અને પોલીસ રિક્રુટમેન્ટ બાબતે અન્ય પીઆઈએલ પણ થઈ હોવાથી તેમાં સરકારી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંધનામાસહિત તમામ કાગળો ભેગા કરી અને રજૂ કરવાનો આદેશ કર્યો હતો. બીજી બાજુ રાજયમાં અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરવા માટે પણ શકયતાઓ છે કે નહીં તે બાબતે અહેવાલ રજૂ કરવા હાઈકોર્ટના આદેશ કર્યો હતો. વધુમાં ટ્રાફિક પોલીસની ભરતી બાબતે કરવામાં આવેલી કાર્યવાહીનો પણ વિસ્તૃત અહેવાલ રજૂ કરવાઆદેશ કર્યો હતો. આ બાબતે વધુ સુનાવણી ૧૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે.

# સિહોનાં અકસ્માતમાં મોત અટકાવવા માટેના પગલાં બાબતે રેલવે તંત્ર દ્વારા હાઈકોર્ટમાં અહેવાલ રજૂ



અમદાવાદ, તા.૧૦ સૌરાષ્ટ્રમાં આવેલા ગીરના અભયારણ્ય વિસ્તારમાં સિંહોના રેલવે અકસ્માતમાં થઈ રહેલા અકાળે બાબતે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી સુઓમોટો જાહેર હિતની અરજીની તાજેતરમાં થયેલી સુનાવણીમાં રેલ્વે સત્તાવાળાઓ તરફથી સિંહોને બચાવવા અને તેમની સુરક્ષા સંબંધી લેવાયેલા પગલાં અને કામગીરી અંગેનો રિપોર્ટ રજૂ કરાયો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે આ કેસમાં છેલ્લી મુદત બાદ એક પણ સિંહનું ટ્રેન અકસ્માતમાં અકાળે મોત નોંધાયું નથી. રેલવે વિભાગ દ્વારા પોતાની કામગીરી અંગે રજૂઆત કરતા જણાવવામાં આવ્યું હતુ કે, ગીર અભયારણ્ય જંગલ વિસ્તારમાં જયાંથી રેલવે ટ્રેક પસાર થાય છે તેની બાજુમાં ફાઈબર કેબલ નાંખવામાં આવશે. આ સિવાય આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સની મદદથી ઈન્ટ્રુઝન ડિવાઈઝ ઈન્સ્ટોલ કરવામાં આવશે. જેનાથી સિંહોની ગતિવિધિ ૨૦૦ મીટર દૂરથી જાણી શકાશે. ગીર અભયારણ્ય ક્ષેત્રની અંદર અને બહાર આડિવાઈસ નાંખવામાં આવશે. આ તમામ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે, જે તા.૧૦મી ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરી દેવાશે.આ સિવાય ગીર અભયારણ્ય વિસ્તારમાંથી પસાર થતી ટ્રેનો માટે વિશેરૂપે અંડર પાસ પણ ઉભાર કરાયા છે તો, આ વિસ્તારમાં ઝાડી ઝાંખરા દૂર કરી સિંહોની સુરક્ષા માટે વિશાળ ફેન્સીંગની કાર્યવાહી પણ હાથ ધરાઈ છે. આ રજૂઆત બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ કેસમાં કોર્ટ સહાયક અને રેલવે ઓથોરીટીના જવાબને ધ્યાનમાં લીધા બાદ કેસની વધુ સુનાવણી ફેબ્રુઆરી માસમાં મુકરર કરી હતી. કેસની વિગતો મુજબ હાઈકોર્ટના અગાઉના નિર્દેશો હોવાછતાં ટ્રેનની અડફેટે વધુ બે સિંહોના મોત અને અન્ય બનાવમાં એક સિંહણ અને બે સિંહ બાળનામૃત્યુની ઘટનાને લઈ ચીફ જસ્ટિસે ફોરેસ્ટ અને રેલવે સત્તાવાળાઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢીહતી. તેઓ પાસે વિસ્તૃત જવાબ માંગવામાં આવ્યો હતો.

# બોર્ડના વિદ્યાર્થીઓ માટે સારથી પોર્ટલ શરૂ કરાઈ


## વિદ્યાર્થીઓને પરીક્ષા વખતે મૂંઝવણ દૂર થાય તે માટે હેલ્પલાઈન ઉપર મદદ કરાશે

અમદાવાદ, તા.૧૦ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સારથી પ્રોજેક્ટ સાથે સંકળાયેલા સભ્યોની બેઠક તાજેતરમાં બોલાવવામાં આવી હતી. સારથી હેલ્પલાઈન અંતર્ગત અત્યાર સુધી ૭૫૬ જેટલા પ્રશ્નોનુંનિરાકરણ લાવવામાં આવ્યું છે અને આગામી બોર્ડની પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા કરાઈ હતી. બેઠકમાં ૭૫ જેટલા નિષ્ણાંતો હાજર રહ્યા હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સારથી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સારથી હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલી છે. જેમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે. અત્યાર સુધી સારથી હેલ્પલાઈનમાં ૭૫૬ જેટલા પ્રશ્નો પુછવામાં આવ્યા છે અને તમામ પ્રશ્નોનો ત્વરિત ઉત્તર આપી નિરાકરણ લાવવામાં આવ્યું છે. આ કાર્ય માટે સારથી હેલ્પલાઈન સાથે સંકળાયેલા સભ્યો તેમજ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. દરમ્યાન આગામી ૨૭ ફેબ્રુઆરીથી શિક્ષણ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરી દ્વારા સારથી હેલ્પલાઈન સાથે સંકળાયેલા સભ્યો સાથે એક બેઠકનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં અમદાવાદ શહેરના વિષય નિષ્ણાંત શિક્ષકો, મનોચિકિત્સક, કચેરીની ટીમના સભ્યો મળી કુલ ૭૫ જેટલા નિષ્ણાંતો હાજર રહ્યા હતા. આ બેઠકનો મુખ્ય આશય આવનારી બોર્ડની પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓને, વાલીઓને મૂંઝવતા પ્રશ્નો વિશેની ચર્ચા તેમજ વિદ્યાર્થીઓ મુક્ત મને પરીક્ષા આપે, તેઓનું મનોબળ વધે અને ધાર્યું પરિણામ મેળવી શકે તેવા પ્રશ્નો બાબતેની ચર્ચા કરવામાં આવી હતી

## દેશના રાજ્યોમાં સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતા

# ગુજરાતમાં દરિયાકાંઠાની ૭૦૦ કિ.મી. જમીનનું થયું ધોવાણ : કાંઠામાં વધારો

## રાજ્યનો દરિયાકાંઠા વિસ્તાર વધીને ૨૩૦૦ કિલોમીટર જેટલો થયો



અમદાવાદ, તા.૧૦ સર્વે ઓફ ઈન્ડિયાએ અદ્યતન ટેકનોલોજીની મદદથી સમગ્ર દેશનો દરિયાકાંઠાને માપ્યો છે. જેના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ગુજરાતનો દરિયાકાંઠો દેશમાં સૌથી લાંબો છે, જે અત્યાર સુધી ૧૬૦૦ કિલોમીટર નોંધાયેલો હતો. પરંતુ હવે ૭૦૦ કિલોમીટરના વધારા સાથે ગુજરાતનો દરિયાકાંઠો ૨૩૦૦ કિલોમીટર થયો છે. ગુજરાતમાં દરિયાકાંઠાનો આ વધારો એ ગુજરાતના દરિયાકાંઠાની જમીનના ધોવાણના કારણે થયો છે. જેમાં ખંભાતના અખાતથી કચ્છ સુધી અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. સર્વે ઓફ ઈન્ડિયાના લેટેસ્ટ આંકડા અનુસાર, દેશમાં કુલ ૧૧,૦૯૮ કિલોમીટર લંબાઈ ધરાવતો દરિયાકિનારો છે. જેમાં સૌથી વધુ લાંબો દરિયાકિનારો ગુજરાતમાં છે. પુર્નઃગણતરી અનુસાર, ગુજરાતના દરિયાકાંઠમાં વધારો થયો છે. જે વર્ષ ૧૯૭૦માં ૧,૨૧૪ કિલોમીટર હતો, બાદમાં ૧૬૬૦ કિલોમીટર થયો, ત્યારબાદ ૧૯૪૫ કિલોમીટર થયો. ગુજરાતનો દરિયાકાંઠો છેલ્લા ૫૩ વર્ષમાં લગભગ બમણો થઈને ૨,૩૪૦ કિલોમીટર થયો છે. જો કે, આંદામાન અને નિકોબાર દરિયાકિનારો સૌથી લાંબો છે, પરંતુ તે ભારતનો કેન્દ્રશાસિત પ્રદેશ છે. તેનો દરિયાકિનારો ૩૦૮૩ કિલોમીટરથી પણ વધુનો છે

# ‘કડકડતી ઠંડીમાં લોકો ફૂટપાથ ઉપર સૂવા માટે મજબૂર છે’: રાહુલ ગાંધીએ દિલ્હી એઈમ્સની મુલાકાત લીધી

નવી દિલ્હી, તા.૧૦ કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)ની મુલાકાત લીધી અને સારવારની રાહ જોઈ રહેલા દર્દીઓને મળ્યા હતા. તેમની મુલાકાત દરમ્યાન ગાંધીએ દર્દીઓ સાથે વાતચીત કરી અને તેઓ જે સમસ્યાઓ સાંભળી હતી. ગાંધીએ ઈન્સ્ટાગ્રામ ઉપર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું કે, લોકો પોતાના રોગ, ઠંડીનો ભાર અને સરકારની અસંવેદનશીલતા સાથે મુશ્કેલીમાં છે. આજે હું AIIMSની બહાર દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યો જેઓ દૂરદૂરથી સારવાર માટે અહી આવ્યા છે. આ સારવાર મેળવવા માટે તેઓ રસ્તાઓ, ફૂટપાથ અને સબવે ઉપર સૂવા માટે મજબૂર છે અને તેઓ આ ઠંડી જમીન ઉપર, ભૂખ અને અસુવિધાઓ વચ્ચે આશાની જ્યોત શોધી રહ્યા છે. કેન્દ્ર અને દિલ્હીની સરકાર જનતા પ્રત્યેની તેમની જવાબદારી નિભાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. એઈમ્સના દર્દી ગોવિંદ લાલે કહ્યું કે, તેમણે મને અહીં મારા રોકાણ વિશે પૂછ્યું. તેમણે મારી પુત્રીઓની સારવાર વિશે પણ પૂછ્યું હતું. બીજા એક દર્દી, પવન કુમારે કહ્યું કે, તેમણે મને મારો ફોન નંબર માંગ્યો, અને કહ્યું કે તેમની ટીમ મારો સંપર્ક કરશે અને શક્ય તેટલી મદદ કરશે. મારી પુત્રી ૧૩ વર્ષની છે અને બ્લડ કેન્સરની દર્દી છે. અમે ૩ ડિસેમ્બરે અહીં આવ્યા હતા અને ત્યારથી યોગ્ય સારવાર થઈ નથી. ૧૩ વર્ષની દર્દીની માતા આશા દેવીએ કહ્યું કે, રાહુલ ગાંધીએ મારી પુત્રીની સારવાર માટે રોકડ સહાય આપવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસે X ઉપર લખ્યું કે, સારવાર માટે મહિનાઓથી રાહ જોવી, સરકારની અસુવિધાઅને અસંવેદનશીલતા એ આ દિલ્હી AIIMSની વાસ્તવિકતા છે. પરિસ્થિતિ એવી છે કે જે લોકો દૂર દૂરથી પોતાના પ્રિયજનોની બીમારીનો બોજ લઈને આવ્યા છે તેઓ આ ઠંડીમાં ફૂટપાથ અને સબવે ઉપર સૂવા માટે મજબૂર છે.

# કેન્દ્ર સરકારના કર્મચારીઓને LTC અંતર્ગત તેજસ, વંદે ભારત અને હમસફર એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરવાની છૂટ આપતી કેન્દ્ર સરકાર

## તમામ પ્રીમિયમ ટોચની ટ્રેનોને LTC યોજના અંતર્ગત આવરી લેવા માટે પર્સનલ અને ટ્રેનિંગ વિભાગને વિવિધ સરકારી કચેરીઓ તરફથી રજૂઆતો થઈ હતી અને રેફરન્સ પણ આપવામાં આવ્યા હતા



નવી દિલ્હી,તા.૧૦ અંતે કેન્દ્ર સરકારના કર્મચારીઓ એલટીસી અંતર્ગત હવે દેશની ટોચની આધુનિક ટ્રેનોમાં પણ મુસાફરી કરી શકશે. કેન્દ્ર સરકારે એલટીસી અંતર્ગત તેના કર્મચારીઓને તેજસ, વંદે ભારત અને હમસફર એક્સપ્રેસ જેવી ટ્રેનોમાં મુસાફરી કરવાની મંજૂરી આપી દીધી છે જે નિર્ણય આજે ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે અને આ નિર્ણય મંજૂરી આપી દેવામાં આવી છે. અગ્રીમ આધુનિક પ્રીમિયમ ટ્રેનોને એલટીસી યોજનામાં આવરી લેવા માટે વ્યક્તિગત અને વિવિધ સરકારી કચેરીઓ તરફથી પણ કેન્દ્રીય પરસોનેલ અને ટ્રેનિંગ વિભાગને રજૂઆતો થઈ હતી અને ઘણી બધી માહિતી માંગવામાં આવી હતી અને રેફરન્સ પણ આપવામાં આવ્યા હતા. કેન્દ્રના કર્મચારીઓને અત્યારે એમની લીવ ટ્રાવેલ યોજના અંતર્ગત રાજધાની, શતાબ્દી તથા દુરંદો ટ્રેન મારફત જ પ્રવાસ કરવાની છૂટ મળે છે. પરંતુ હવે કેન્દ્રના કર્મચારીઓ તેજસ તથા વંદે ભારત એક્સપ્રેસ અને હમસફર ટ્રેનમાં પણ આ યોજના મુજબ પ્રવાસ કરી શકશે. આ માટે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગો દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. કેન્દ્રના કર્મચારીઓને એમના વતનના રાજ્યની મુલાકાત લેવા અથવા ભારતમાં અન્ય કોઈપણ સ્થળના પ્રવાસે જવા માટે ચાર વર્ષના બ્લોક દરમ્યાન લીવ ટ્રાવેલ કન્સેશન યોજના મુજબ કન્સેશન સાથે મુસાફરીનો લાભ મળે છે. કર્મચારીઓ દર બે વર્ષના કાળામાં એમના વતનના રાજ્ય જવા અથવા તો દર બે વર્ષના ગાળામાં અન્ય કોઈ સ્થળે જવા માટે આ યોજનાનો લાભ લઈ શકે છ. કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં સંપૂર્ણ સમય માટે કાર્યરત હોય એવા તમામ કર્મચારીઓને આ લાભમળે છે. સરકારી વિભાગો અને સંરક્ષણ સેવાઓના વિભાગોના કર્મચારીઓને પણ આ યોજનાનો લાભ મળે છે. કરાર આધારિત નોકરી કરતા હોય તેવા કેન્દ્રીય વિભાગોના કર્મચારીઓ તથા નિવૃત્તિ પછી ફરીથી કામ એ લેવામાં આવ્યા હોય તેવા કર્મચારીઓને પણ લાભ મળે છે. કર્મચારીના પ્રવાસનો ખર્ચ અને એમની સાથે એમના પરિવારના સભ્યોનો પ્રવાસનો ખર્ચ પણ યોજનામાં આવરી લેવામાં આવે છે. હવે આધુનિક પ્રીમિયમ ટ્રેનોનો પણ કર્મચારીઓને લાભ મળતો થઈ જશે. પ્રવાસ માટેના લેવલ નક્કી કરવામાં આવ્યા છે લેવલ ૧૨ કે તેથી વધુના લેવલ માટે શતાબ્દી કે એવી ટ્રેનમાં એક્ઝિક્યુટિવ કલાસ તેમજ રાજધાની કે એવી ટ્રેનોમાં એસી ફર્સ્ટ કલાસમાં મુસાફરીની સુવિધા મળશે, જ્યારે લેવલ ૬થી ૧૧ના કર્મચારીઓ માટે શતાબ્દી કેવી ટ્રેનોમાં ચેર કાર સુવિધા મળશે અને રાજધાની અથવા એવી ટ્રેનોમાં એસી સેકન્ડ કલાસની સુવિધા મળશે. લેવલ પાંચ અને તેથી નીચેના લેવલના કર્મચારીઓ માટે શતાબ્દી અને એવી ટ્રેનોમાં શેર કાર તથા રાજધાની અને એવી ટ્રેનોમાં એસી થર્ડ કલાસની સુવિધા મળશે.

# મહારાષ્ટ્ર ચૂંટણી : ECIએ કહ્યું કે, વિધાનસભા, લોકસભા ચૂંટણી દરમ્યાન જારી કરાયેલી પ્રી-નંબરવાળી સ્લિપ અંગે તેની પાસે કોઈ માહિતી નથી

મુંબઈ તા.૧૦ ભારતીય ચૂંટણી પંચ (ECI)એ જણાવ્યું છે કે, નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓ અને એપ્રિલ-મે ૨૦૨૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીઓ દરમ્યાન મહારાષ્ટ્રના તમામ મતદાન મથકોના પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા જારી કરાયેલા મતવિસ્તાર અને સેગમેન્ટ મુજબ પ્રી-નંબરવાળી સ્લિપની કુલ સંખ્યા વિશે તેમની પાસે કોઈ માહિતી નથી. કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટિવના ડિરેક્ટર વેંકટેશ નાયક દ્વારા સબમિટ કરવામાં આવેલી માહિતી અધિકાર (RTI) વિનંતીના જવાબમાં ECIનું આ નિવેદન આવ્યું છે, જેમાં તેમણે પ્રિસાઈડિંગ ઓફિસરો પાસે વિધાનસભા અને લોકસભા બંને ચૂંટણીઓ દરમ્યાન તેમના દ્વારા જારી કરાયેલા પૂર્વ-નંબરવાળી સ્લિપની મતવિસ્તારવાર કુલ સંખ્યા વિશે માહિતી જોઈએ છે. જો કે, ECIએ કહ્યું કે, તમને જણાવવાનું છે કે, તમારા દ્વારા માંગવામાં આવેલી માહિતી કમિશનમાં ઉપલબ્ધ નથી. નાયકે જણાવ્યું હતું કે, ECIનો પ્રતિભાવ આશ્ચર્યજનક છે, કારણ કે, કમિશન, સર્વોચ્ચ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા હોવાને કારણે ચૂંટણીઓ યોજવા માટેબંધારણીય સત્તા અને વૈધાનિક સત્તા બંને ધરાવે છે. તેમને ચૂંટણી મશીનરી ઉપર સંપૂર્ણ નિયંત્રણ હોવું જરૂરી છે અને તેમાં CEO, RO અને ચૂંટણી નિરીક્ષકો દ્વારા મતવિસ્તાર સ્તરથી નિર્વાચન સદન સુધી માહિતી સામેલ છે. તે અકલ્પનીય છે કે, મેં માંગેલી માહિતી અંગે ECIને જાણ કરવામાં આવી નથી. જો કોઈ એવું સ્વીકારે કે તેમનો જવાબ સચોટ છે તો પણ RTI કાયદો તેમને તે સ્ત્રોતમાંથી માહિતી માંગવાની સત્તા આપે છે જ્યાં તે ઉપલબ્ધહોય જેથી તે જાહેર કરવી જોઈએ કે નહીં તે નક્કી કરી શકાય. ફકરો ૭.૧.૨ જણાવે છે કે, મતદાન બંધ કરવા માટે નક્કી કરેલા સમયની થોડી મિનિટો પહેલાં મતદાન મથકની મર્યાદામાં મતદાન કરવા માટે રાહ જોઈ રહેલા બધાને વારાફરતી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. આવા બધા મતદારોને તમારા દ્વારા સંપૂર્ણ સહી કરેલી સ્લિપનું વિતરણ કરો, જે તે સમયે કતારમાં ઊભા રહેલા મતદારોની સંખ્યા અનુસાર ક્રમાંક નંબર ૧થી ક્રમાંકિત હોવી જોઈએ. આ માહિતી સેક્ટર ઓફિસરના રિપોર્ટમાં પણ નોંધાયેલી હોવી જોઈએ, જેનું ફોર્મેટ સેક્ટર ઓફિસરની હેન્ડબુકના પરિશિષ્ટ ૬માં આપવામાં આવ્યું છે.ECIના ડેટા અનુસાર ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાયેલી રાજ્ય ચૂંટણી માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૯૭,૭૯૩,૩૫૦ (લગભગ ૯૭.૮૦ કરોડ) હતી, જેમાં ૬૪,૫૯૨,૫૦૮ (લગભગ ૬૪.૬૦ કરોડ) લોકોએ મતદાન કર્યું હતું. તેની સરખામણીમાં લોકસભા ચૂંટણી દરમ્યાન નોંધાયેલા મતદારોની સંખ્યા ૯૨,૮૯૦,૪૪૫ (લગભગ ૯૨.૯૦ કરોડ) હતી અને કુલ મતદાન૫૬,૯૬૯,૭૧૦ (લગભગ ૫૬.૯૭ કરોડ) થયું હતું. આ આંકડાઓના આધારે રાજ્યમાં નોંધાયેલા મતદારોની સંખ્યામાં લગભગ ૫૦ લાખ (૪૯,૦૨,૯૦૫)નો વધારો થયો છે, જયારે મતદાનની સંખ્યામાં ૭૫ લાખ (૭૬,૨૨૭,૯૮૦)થી વધુનો વધારો થયો છે. કોંગ્રેસ પક્ષે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ ચૂંટણી પંચે આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતુ કે, આ વધારાના મતદારો કાયદેસરછે. પક્ષે મતદાનના દિવસે મહારાષ્ટ્રમાં મતદાનમાં થયેલા વધારા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને ચૂંટણી પંચ પાસેથી સમજૂતી માંગી હતી.કોંગ્રેસે ચૂંટણી પંચને લખેલા પત્રમાં જાહેર કરાયેલા અંતિમ મતદાર ટકાવારી વચ્ચે મતદાનમાં અકલ્પનીય વધારો થયો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસે એ પણ નિર્દેશ કર્યો હતો કે, ૫૦ વિધાનસભા બેઠકોમાંથી જ્યાં સરેરાશ ૫૦,૦૦૦ મતદારોનો વધારો થયો હતો, ત્યાં શાસક મહાયુતિએ ૪૭ બેઠકો ઉપર વિજય મેળવ્યો હતો. ૧૫ જાન્યુઆરીએ નવા કોંગ્રેસ કાર્યાલયના ઉદ્‌ઘાટનના દિવસે કોંગ્રેસના સાંસદ અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ચૂંટણી પંચ જે રીતે ચૂંટણીઓ યોજી રહ્યું છે તેનાથી તેમનો પક્ષ અસ્વસ્થ છે. મેં ખૂબ સ્પષ્ટપણે કહ્યું હતું કે, લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે અચાનક નવા મતદારોની મોટી સંખ્યા, જે લગભગ એક કરોડ છે તે સમસ્યારૂપ છે. ડિસેમ્બરમાં ECIએ સ્પષ્ટ કર્યું હતું કે, સાંજે પાંચ વાગ્યાથી રાત્રે ૧૧:૪૫ વાગ્યા સુધી મતદાનમાં વધારો સામાન્ય હતો. મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકલિંગમે સમજાવ્યું હતું કે, વિધાનસભાચૂંટણી માટે મતદાનના છેલ્લા કલાકમાં મતદાનમાં ૭ ટકાનો વધારો સરેરાશ પ્રક્રિયા હતી. જો કે, ECIએ ગયા વર્ષે નાયક દ્વારા દાખલ કરાયેલી RTI ઉપર કાર્યવાહી કરવાનો વારંવાર ઈન્કાર કર્યો છે. તેમણે સમજાવ્યું હતું કે, ECIના અંતિમ મતદાનના આંકડા સચોટ છે કે નહીં તે નક્કી કરવા માટે માત્ર વિતરણ કરાયેલા ટોકન્સ વિશેના ડેટા જ નહીં, પરંતુ પ્રિસાઈડિંગ અધિકારીઓ અને સેક્ટર અધિકારીઓ દ્વારાનોંધાયેલા બે કલાકના મતદાનના આંકડાઓનો જાહેર ખુલાસો મહત્ત્વપૂર્ણ છે.

### છેલ્લા એક દશકાના ભાજપના અણઘડ અને ભ્રષ્ટ મનાતા શાસન સામે

# મહાનગરના એક એક મતદારોમાં ભભુકતા રોષને મતદાન મથક સુધી કોંગ્રેસ પક્ષ ઢસડી લાવશે ખરો ?

## ચૂંટણીના દિવસો જેમ જેમ ઘટતા જાય છે તેમ તેમ ભાજપી નવી ધરી રૂપ ત્રિપુટી અને કોંગ્રેસ પક્ષ બંનેને મુંઝવતો પરિણામ લક્ષી પ્રશ્ન ?

**જૂનાગઢ મનપા સામાન્ય ચૂંટણી ધમાસાણ - ૫**
**ગોરધન પાઘડાર સિનિયર પત્રકાર.**

જૂનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી ની તારીખ જેમ જેમ નજીક આવતી જાય જાય છે તેમ તેમ જુનાગઢ ભાજપના ધારાસભ્ય કે જેને જૂનાગઢને કર્મભૂમિ બનાવી કાયમી બેસણા જુનાગઢમાં છે એવા સંજયભાઈ કોરડીયા. દિલ્હી એવમ યુપીમાંથી જૂનાગઢમાં રોજી રોટી કમાવવા આયાત થયેલા એક ગરીબ બ્રાહ્મણ પરિવારના પુનિત શર્મા નામના રાજ્ય બહારના બ્રાહ્મણે છેલ્લા એકાદ દસકાથી જુનાગઢ ભાજપ પર એવી તો પકડ જમાવેલ છે કે તેમની ગણના એક રાજકીય શ્રેષ્ઠ તરીકે નહીં પણ મોટા ગજાના બિલ્ડરો પૈકીના એક મનાય છે તેઓ હાલમાં મહાનગર જૂનાગઢના શહેર પ્રમુખ તરીકે ભાજપના એક બાહોશ આગેવાન તરીકે પણ ઉપસી આવેલા છે અને તેના ખભા પર મહાનગરની સામાન્ય ચૂંટણીનો સમગ્ર ભાર મોવડી મંડળે નાખેલો છે. ત્રીજો છે ચૂંટણી પ્રભારી જે રાજકોટના છે પણ રાજકોટમાં તો એક થી એક ચડિયાતા ભાજપના મગર મચ્છર જેવા બળુકા આગેવાનો જુનાગઢના ચૂંટણી પ્રભારીને ભલે મળતા ન હોય પણ જૂનાગઢમાં અત્યારે તેમની બોલબાલા છે તેવા પ્રભારી સહિતના આ ત્રણે ભાજપના ત્રિપુટી ના પગ નિચે થી જૂનાગઢની પવિત્ર ધરતી સરકી રહેલ જણાય છે મતલબ કે જેમ જેમ ચૂંટણીનો દિવસ નજીક આવતો જાય છે તેમ તેમ આ ત્રિપુટીની ઊંઘ હરામ થતી જાય છે.

ત્યારે મહાનગરની ચૂંટણી ધમાસાણ વચ્ચે મહાનગરમાં ફરતા ફરતા જાણવા મળતી વિગતો અનુસાર, અત્યારે મહાનગરપાલિકા જૂનાગઢની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો સહિતના નાના-મોટા કાર્યકરો કે આગેવાનો જૂનાગઢના એક પણ વિસ્તારમાં મતદારો પાસે જઈને કહેવાતા વિકાસના નામે કરેલા કામોના આધારે મત માગવા જઈ શકે તેવી કોઈ રાજકી સામાજિક સ્થિતિ જોવા મળતી નથી. મતલબ કે ગત વખતના ભાજપના અણઘડ અને ભ્રષ્ટ મનાતા શાસનના કારણે ઐતિહાસિક એવા મહાનગર જુનાગઢને છેલ્લા બે વર્ષથી લગભગ ખાડા નગર અને મહાનગરના રાજમાર્ગો ઢોરવાડામાં ફેરવી નાખ્યા હોય, અનુભૂતિ મહાનગરના એક એક બૌદ્ધિકોથી માંડી સામાન્ય લોકો અનુભવી રહ્યા હોવાથી ભાજપ સામે સામાન્ય દિવસોમાં અવારનવાર રોષ વ્યક્ત કરતા હતા પરંતુ ભાજપના કહેવાતા ખંધા શાસકો એ હંમેશા આંખ આડા કાન કરેલા હતા પરંતુ સામાન્ય ચૂંટણી આવતા જાણે કે કાપી ને રાહ જોઈ બેઠા હોય તેમ પ્રચારમાં આવતા ભાજપના ઉમેદવારો અને ભાજપના પ્રચારકોની હાલત કફોડી થાય તેવી અવ નવી ભાષામાં હિસાબો માંગી રહ્યા છે. પરંતુ ભાજપના ઉમેદવારો કે પછી તેના પ્રચારકો પાસે બે હાથ જોડવા સિવાય બીજા કોઈ વિકલ્પ જ અત્યારે તો ભાજપ પાસે કે પેલી સંજય ત્રિપુટી પાસે રહ્યો ન હોય તેવો અત્યારે તો જાકારો મળી રહ્યો છે.

ભાજપ માટે આવા કપરા ચઢાણ વચ્ચે એકાદ બે વોર્ડ ને બાદ કરતા ભાજપના નામે મલાઈ જમી જનારા ભાજપ પર કબજો જમાવીને બેસી ગયેલા એવમ અત્યાર સુધી બાપની જેમ વર્તન કરનારા તુંડમિજાજ સાથે બે લગામ બનેલા ભાજપના કોઈ આગેવાન બે ધડક સામી છાતીએ જઈને કોઈ વોર્ડ માં વિકાસના નામે કે કરેલા સારા કામના નામે મત માંગવાની કોઈ હિંમત દાખવતા જોવા મળતા નથી. અરે રાત્રી સભાઓ બાદ ગોઠવાતી ખાણી પીણીની કે પછી ભજીયા પાર્ટીઓ થી દુર ભાગી રહ્યા છે. હા...ચૂંટણી હોય તો પ્રચાર તો કરવો જ પડે ? પણ આતો ખંધા જાડી ચામડીના મનાતા ભાજપના આગેવાનો કોઈ ક્ષોભ કે શરમ અનુભવ્યા વગર મતદારો સમક્ષ બિચારા.. બાપડા ગરીબડા બની બે હાથ જોડીને મતદાતાઓ સામે મસ્તક ઝૂકાવી ને રીતસરી મતની ભીખ માંગતા હોય તેવા દ્રશ્યો પણ ભાજપના પ્રચાર દરમ્યાન બહાર આવી રહ્યા છે.

મહા નગરની રચના થયા પછી સૌ પ્રથમ વખત ભાજપના સનિષ્ઠ આગેવાનો આ રીતે શરમજનક સ્થિતિમાં આ વખતની ચૂંટણીમાં જૂનાગઢના મતદાતાઓએ મુકી દીધા હોય તેવું શું નથી લાગતુ ? તો શું ભાજપનું આ વખતે ધોવાણ થઈ જશે ? આ વખતની ચૂંટણીમાં મતદારોમાં ભભુકતો રોષ શું ભાજપ ને ઘરે બેસાડી દેશે ખરા ? આ પ્રશ્ન અત્યારે મહાનગર જુનાગઢ ના રાજકીય તજજ્ઞો માં અત્ર તત્ર સર્વત્ર એક મોટો રાજકીય ચર્ચા નો વિષય બની ગયો છે.

આમ તો મહાનગરનાં જનો એ ગત ભાજપના શાસન દરમ્યાન ભોગવેલી અનેક યાતના અને કહેવાતા ભાજપના શાસકોની માલ ખાઉં વ્રુતિ , અણ આવડત ભર્યો વહિવટ અને તે સામે લોકોમાં સ્વયં ભભુકતો રોષ જોતા પ્રથમ દ્રષ્ટીએ એવું લાગે કે લોકો હતા પ્રકારના મુંડ માથે એવં શાસન પરિવર્તન થવું જ જોઈએ.

મતલબ કે સામાન્ય અનુમાન એવું પણ થઈ રહ્યું છે કે નક્કી ભાજપનો નામોશી ભર્યો પરાજય થશે અને તેના વિકલ્પે ભાજપ ના મુખ્ય હરીફ મનાતા કોંગ્રેસ પક્ષનો વિજય નક્કી જ છે.....!! પણ રાજકી પંડિતોનું માનવું છે કે ખાટલે મોટી ખોટ હોય તેમ કોંગ્રેસ પગ પાસે કોંગ્રેસ પક્ષ પાસે હોય એવો સબળ આગેવાન કે નેતા જ નથી કે કોંગ્રેસે ગુમાવેલી રાજકીય સામાજીક પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરી ને મતદારોમાં એક મોટો વિશ્વાસ કે શ્રદ્ધા જગાવી શકે તેવો નેતા જ અત્યારે જોવા મળતો નથી. ચૂંટણીમાં ભલે ૫૦ ઉમેદવારો ઊભા રાખી ભાજપના અવ નવા ખેલ .રાજ રમત એવં ભ્રષટારને આગળ ધરી ને મતદારોમા ભાજપ વિરુદ્ધ ઉભા થયેલા લોકો રોષ ને કોંગ્રેસ તરફ વાળવા મતદાતાઓ પાસે વટ ભેર મત ની અપીલ જરૂર કરી રહ્યા છે પણ ઘણા વોર્ડના જાગૃત મતદારો કોંગ્રેસના આગેવાનો અને ઉમેદવારોને પણ ટકોર કરી રહ્યા છે કે, અત્યાર સુધી ક્યાં સુતા હતા ? કે ચૂંટણી ટાણે જ બિલાડીના ટોપ ની માફક કે પછી પ્રથમ વરસાદ પડતાની સાથે જ જેમ જીવ જંતુઓ કે દેડકીઓ ફાટી નીકળે છે તેમ ટોળે ટોળા ખંભા પર કેસ નાખીને નિકળી પડ્યા છો ? શરમ કરો જરા કે મુશ્કેલીના સમયમાં તો ભાજપની સાથે જ એક કુલડીમાં ગોળ ભાગતાં ન હતા ? મતલબ કે કોંગ્રેસ ને પણ એક ભાજપ નો જ ભાગ માની રહ્યા હોય તેમ બોલતા દેખાય છે કે આ પણ એકજ ચુલાની પણ જુદી તો જુદી પણ રાખ તો છે જ. આ ભય મતદારોને કોરી ખાતો જોવા મળે છે કે મત આપવો તો કોને આપવો ? ભાજપ વાળાઓ ને તો આ વખતે મત આપવો નથી અને કોંગ્રેસ પર મતદારોને વિશ્વાસ બેસતો નથી. આવા વાતાવરણ વચ્ચે જેમ જેમ ચૂંટણીનો દિવસ નજીક આવતો જાય છે તેમ તેમ જેમ ભાજપની ત્રિપૂટી ની ઉંઘ હરામ થતી જાય છે. તેનાથી બહેતર હાલત તો ..અંબાડી વગરના હાથીની માફક કોંગ્રેસ ની હાલત પણ વર રાજા વગરની જાન જેવી છે.

અત્યારે ડાયા ડમરા બની ઐક્ય નો ભલે દેખાડો કરતા હોય પણ સમય આવ્યે સતાની સાઠમારી માંટે યાદવા સ્થળી રૂપી ધમાસાણ એ કોઈ કોંગ્રેસ માટે કોઈ નવી વાત નથી તે વાત આજે પણ મહા નગરજનોના ભેજામાં ઝબકારા મારી રહી હોય તેવી ગડમથલ આ વખતની ચૂંટણીમાં મતદારોમા જોવા મળે છે. ચૂંટણી છે તો મતદાન તો થવાનું જ છે. પરિણામ પણ આવવાનું જ છેપણ કોની તરફેણમાં ભાજપની કે પછી કોંગ્રેસની ?

રાજકીય તજજ્ઞોના માનવા પ્રમાણે અત્યારે તો કોગેસ ભાજપનો વિકલ્પ બની શકે તેટલી કોંગ્રેસ મજબુત દેખાતી નથી એવં ભાજપનો વિકલ્પ કોંગ્રેસ બની શકે તેટલી તાકાત કોંગ્રેસમાં હોય તેવું રાજકીય તજજ્ઞો માનતા નથી. મહા નગરના મતદાતાઓ માં ભાજપ સામે મોટો રોષ છે તે વાત સાચી પણ આ રોષ જો મતદારોના દિલ દિમાગ પુરતો મર્યાદિત મર્યાદિત બની રહે અને જો મતભથક સુધી ન પહોંચે તો ? કોંગ્રેસ કે અન્ય બીજા અપક્ષ ઉમેદવાર પાસે આવા રોષદાતા મતદારો ને મતપેટી સુધી લાવી શકે તેવી કોઈ સંગઠન શક્તિ કે પછી એવા કાર્યકર્તાઓ પણ જોવા મળતી નથી કે જન આક્રોશ ને મતદાન બુથ સુધી ખેંચી લાવે તેવી વ્યુહ રચના ઘડી શકે તેવા સ્થાનિક નેત કે આગેવાન જોવા મળતો ન હોય કોગેસનીઆ નબળાઈ નો લાભ ભાજપની સંગઠન શક્તિ પેજ પ્રમુખો . વોર્ડ પ્રમુખો અને ખંધા માલ ખાઉ મનાતા ખંધા રાજકારણીઓ ઉઠાવી ભાજપ ના મતોને કોઈ પણ ભોગે પહોંચાડવાની ભાજપ મોવડુઓએ ઘડેલી ચુંટણી વ્યૂહ રચના જો સફળ રહી તો. ભાજપ ને સતાના આવતા કોઈ રોકી નહીં શકે ! ટુંકમાં મતદારોનો રોષ જો તેમના મગજ પુરતો જ મર્યાદિત બની ને ઉભો રહી જશે તો શાસન પરિવર્તનની આશા એ વાંઝણી ગિર પાસેથી દુધની આશાથી વિશેષ નથી. ભલે કોંગ્રેસ અત્યારે ગમે તેટલા કુદકા મારે.

## સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ વિદેશી વૃક્ષોની પ્રજાતિઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવા તથા દેશી વૃક્ષોનાં વનીકરણ માટે ડૉ.ગિરીશ શાહની પર્યાવરણ મંત્રી ભુપેન્દ્રભાઈ યાદવને રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય વિભાગના મંત્રી ભૂપેન્દ્ર યાદવને ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડનાં સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહ દ્વારા વિદેશી વૃક્ષોની પ્રજાતિઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવા તથા ભારતીય મૂળનાં વૃક્ષોનાં વાવેતર અંગે વિવિધ રજૂઆતો કરવામાં આવી છે. તાજેતરમાં ભારતના સુપ્રીમ કોર્ટે જારી કરેલા નિર્દેશોના અનુસંધાનમાં રાજ્ય અને કેન્દ્ર સરકારોને વન આવરણમાં ઘટાડો રોકવા અંગે ચેતવણી આપવામાં આવી છે. આ ઐતિહાસિક નિર્ણય ભારતીય પર્યાવરણ અને બાયોડાયવર્સિટીને રક્ષણ આપવા મહત્વપૂર્ણ છે. છેલ્લા ઘણા દાયકાઓથી ભારત દેશમાં જુદા જુદા રાજ્યોમાં સ્થાનીક પર્યાવરણને નુકસાન પહોંચી રહ્યું છે. આ અંગે ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહે પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય વિભાના મંત્રી ભૂપેન્દ્ર યાદવને આ અંગે વિવિધ રજૂઆતો કરી છે.

વિદેશી વૃક્ષોની પ્રજાતિઓ પર પ્રતિબંધ : છેલ્લા ૭૫ વર્ષમાં કેટલાક વિદેશી વૃક્ષોની પ્રજાતિઓ જેમ કે પ્રોસોપિસ જુલિફલોરા, અકેસિયા મિઅન્સી, લેંટાના કામારા, સેનના સ્પેકટાબિલિસ અને લિઉસેના લિઉકોસેફાલાને પરિચય આપવામાં આવ્યો છે, જેના કારણે ભારતીય પર્યાવરણને ભારે નુકસાન થયું છે. આ પ્રજાતિઓએ સ્વદેશી વૃક્ષોને ધકેલી દીધાં છે, ભૂગર્ભ જળના સ્તરને ઘટાડી દીધાં છે અને જીવ વૈવિધ્યના મૂલ્યમાં ઘટાડો કર્યો છે. આ વાવણ અને વિસ્તારને તાત્કાલિક રોકવા જરૂરી છે.

સ્વદેશી વૃક્ષોના પ્રોત્સાહનઃ ભારત પરંપરાગત સ્વદેશી વૃક્ષોની સમૃદ્ધ વનસ્પતિ ધરાવે છે, જે બાયોડાયવર્સિટીને મજબૂત બનાવે છે અને ઔષધિ, આર્થિક અને પર્યાવરણની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. કમ્પેન્સેટરી ફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરીટી (CAMPA) અને રાજ્ય વન વિભાગના તમામ વનોત્પન્ન કાર્યક્રમો હેઠળ માત્ર સ્વદેશી વૃક્ષો જેમ કે નીમ, પીપળ, વડ, જામુન, અર્જુન, આંબા, અને ઉંબરા જેવા વૃક્ષો જ વાવવાનો પ્રસ્તાવ રાખવામાં આવે.

સ્વદેશી વૃક્ષોની નિકાસ નીતિ વિકસાવી : જ્યાં વિદેશી પ્રજાતિઓને ધ્યાને લીધા વિના દેશમાં લાવવામાં આવી છે, ત્યાં ભારતે પોતાની સ્વદેશી પ્રજાતિઓનું વૈશ્વિક સ્તરે પ્રચાર પૂરતો કર્યો નથી.

એક વ્યૂહાત્મક સ્વદેશી વૃક્ષોની નિકાસ નીતિ દ્વારાઃ આદ્ય વૈશ્વિક સ્તરે ક્ષય પામેલી જમીનોને પુનઃસ્થાપિત કરી શકાય છે. ખેડૂતો, નર્સરીઓ અને વન વિભાગ માટે આર્થિક લાભ ઉત્પન્ન થઈ શકે છે. ભારતમાં ટકાઉ વૃક્ષારોપણના ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વની સ્થાપના કરી શકાય છે. આ અંગે વિદેશી વૃક્ષોના પરિચય પર પ્રતિબંધ મૂકે તેવી રાષ્ટ્રીય નીતિ ઘડવી અને માત્ર સ્વદેશી વૃક્ષોના વાવેતરનો નિર્દેશ આપવા અંગે વિનંતી કરાઈ છે. આ સાથે ડૉ. ગિરીશ શાહે રજૂઆત કરી છે કે વિદેશી વૃક્ષોના પ્રભાવગ્રસ્ત વન વિસ્તારોનું રાષ્ટ્રીય સર્વેક્ષણ કરીને તે વનોના પુનઃસ્થાપન અંગે યોજનાઓ અમલમાં લાવવી જોઈએ. આ સાથે વૈશ્વિક સ્વદેશી વૃક્ષ પ્રચાર પહેલ ચલાવવી, જેમાં વિદેશ મંત્રાલય અને વ્યાપાર મંત્રાલયના સહકારથી સ્વદેશી વૃક્ષોની નિકાસ માટે કાર્ય થઈ શકે છે. ભારતના પર્યાવરણ માટે આ એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. આ પગલાંને અપનાવીને દેશના વનોને સુરક્ષિત કરી શકીએ, આર્થિક લાભ મેળવી શકીએ, અને વૈશ્વિક પર્યાવરણની પુનઃસ્થાપનના પ્રયાસમાં યોગદાન આપી શકીએ છીએ.

## સુત્રાપાડામાં ૩૨ વર્ષીય પરણિત યુવકે વાડીના કૂવામાં ઝંપલાવ્યું : ફાયર બ્રિગેડે ૨ કલાકે મૃતદેહ બહાર કાઢ્યો




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૦

સુત્રાપાડાના પ્રાસલી ગામમાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ૩૨ વર્ષીય યુવક ભગીરથ કુંભાભાઈ વાળાએ વાડી વિસ્તારમાં આવેલા કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી છે. ઘટનાની જાણ થતાં વેરાવળ ફાયર સ્ટેશન ઓફિસર રવીરાજસિંહ ચાવડા અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે અંડર વોટર ડ્રોન કેમેરા સહિતના અત્યાધુનિક ઉપકરણોની મદદથી લગભગ બે કલાકની ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, મૃતક યુવક ખેતીકામ કરતો હતો અને દોઢ વર્ષ પહેલાં જ તેના લગ્ન થયા હતા. તે નિઃસંતાન હતો. ઉલ્લેખનીય છે કે આ ઘટના એક દિવસ પહેલાં જ સુત્રાપાડાના આલિદ્રા ગામમાં બનેલી એક અન્ય દુર્ઘટના બાદ બની છે, જ્યાં ૩૦ વર્ષીય યુવતીનું કૂવામાં પડવાથી મૃત્યુ થયું હતું. સુત્રાપાડા પોલીસે મૃતદેહને કોડીનાર રાનાવાલા હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને આત્મહત્યાના કારણોની તપાસ શરૂ કરી છે. આ ઘટનાથી મૃતક યુવકની પત્ની અને પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

## ઉનાના દેલવાડા રોડ પર કુતરૂ ભગાડવાના મનદુઃખે હુમલો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૦

ઊનાના દેલવાડા રોડ ઉપર આવેલ પાનની દુકાને પાન માવો ખવા ગયેલ બે યુવાનોને કૂતરૂ ભગડવા બાબતે મન દુઃખ રાખી પાનરની દુકાન માલિક અને દીકરાએ લોખંડના પાઈપ અને છરી વતી હુમલો કરી ઈજાઓ કરી મારી નાખવાની ધમકી આપીની પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર મયુર ફર્નિચરની બાજુમાં આવેલ વિલા નામની પાનની દુકાને ઊના શહેરમાં રામ નગર ખારામાં રહેતા અજયભાઈ અશ્વિનભાઈ વાઘેલા અને તેના મિત્ર વિશાલ રાજુભાઈ સોલંકી અને ભવિયેશ સંજયભાઈ કામલીયા રે. ઊના વાળા પાન માવો ખાવા ગયેલ હતા. દુકાન પાસે એક ખુરસીમાં કૂતરૂ બેઠું હતું અને અજયભાઈને કૂતરૂ કરડી જશે તેની બીક લાગી અને કૂતરાને ખુરશી ઉપરથી ભગાડી મુકતા દુકાનના માલિક દિનેશ પાંચાભાઈ સોલંકી અને તેમના દીકરા ભરતેશ દિનેશ ઉશ્કેરાઈ જઈ કૂતરાને કેમ ભગાડીયું તેમ કહી મન દુઃખ રાખી ભૂંડી ગાળો બોલી દિનેશ અને ભરતેશ લોખંડના પાઈપ અને છરી વતી હુમલો કરી ઢીકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બન્નેને હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## માંગરોળ ખડાયતા સમાજની વાડી ખાતે ચુંટણીને અનુલક્ષીને મીટીંગ યોજાઈ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૦

માંગરોળ નગરપાલિકાની ચુંટણી અંતર્ગત ખડાયતા સમાજની વાડી ખાતે વેપારી મંડળ દ્વારા ધારાસસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાના અધ્યક્ષ સ્થાને વેપારીઓની ચુંટણી અનુલક્ષી ને મિટીંગ રાખવામા આવેલ હતી. તેમાં ભાજપ આગેવાનો દ્વારા ભાજપના ધારાસસભ્ય ભગવાનજીભાઈએ માંગરોળમાં કરેલા કામોની વિગતો જણાવેલ હતી. આ નગરપાલિકા ચુંટણીમાં ભાજપ ૨૦ જેટલી સીટો જીતી ભાજપની બોડી જ બનશે તેવો હુંકાર કરવામા આવેલ માંગરોળનો વિકાસ કરવા લોકોને ભાજપ પેનલને મતો આપવા ઉપર ભાર મુકવામાં આવેલ હતો. આ મિટિંગમાં ભાજપ રાષ્ટ્રીય આગેવાન વેલજીભાઈ મસાણી, કાંતીકાકા કગરાણા, આ ચુંટણીના પ્રભારી ભાવનગરના પુર્વ મેયર ભરતસિંહ ગોહીલ, જીલ્લા ભાજપ આગેવાન જયભાઈ ત્રિવેદી સહિત નગરપાલિકાના ચુંટણી લડતા ઉમેદવારો તેમજ ભાજપ કાર્યકરો વેપારી આગેવાનો બહોળી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. આભાર વીધી ભાજપ પ્રમુખ લીનેશભાઈ સોમૈયાએ કરેલ હતી.

## Vi ના સુપર હીરો પ્રીપેઈડ પ્લાન્સ મધ્યરાત્રિથી બપોર સુધી ૧૨ કલાક માટે અનલિમિટેડ ડેટા ઓફર કરે છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

૪જી અને ૫જી હેન્ડસેટ્સ સાથે ડેટાનો વધુ ઉપયોગ કરતા યુઝર્સની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધારાના ડેટા લાભો ઓફર કરે છે.

ઈન્ટરનેટ વધુને વધુ કમ્યૂનિકેશન, શિક્ષણ, કામ અને મનોરંજનનો પાયો બની રહ્યું છે ત્યારે ડેટા સાથેનો સતત સંપર્ક વધુ ને વધુ જરૂરી બની રહ્યો છે. સતત અને ચિંતામુક્ત ડિજિટલ અનુભવ પૂરો પાડવાની તેની પ્રતિબદ્ધતાને વળગી રહેતા ભારતની અગ્રણી ટેલિકોમ ઓપરેટર ફૈ એ આજે સુપર હીરો પ્લાન રજૂ કર્યો હતો. આ એક અનોખી પ્રપોઝિશન છે જે ભારતીય પ્રીપેઈડ યુઝર્સ માટે બનાવવામાં આવી છે, ચાહે તેઓ ગમે તે હેન્ડસેટનો ઉપયોગ કરતા હોય. સુપર હીરો પ્લાન બદલાતી ડેટા વપરાશ પેટર્નને અનુરૂપ ડિઝાઈન કરવામાં આવ્યો છે જે યુઝર્સને ડેટા પૂરો થઈ જવાની ચિંતા કર્યા વિના તેમના ડિજિટલ અનુભવો મહત્તમ બનાવવા માટે સશક્ત કરે છે. આ પ્લાન સાથે પ્રીપેઈડ ગ્રાહકો રાતના ૧૨ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી અડધો દિવસ માટે અનલિમિટેડ ડેટા માણી શકે છે. આ પ્લાન ફૈ ના સફળ હીરો પ્લાનનો પહેલેથી જ લાભ લઈ રહેલા તથા ડેટાનો વધુ વપરાશ કરતા યુવાનોને ફૈ ની પ્રસ્તુતિને મજબૂત બનાવે છે. ઉપરાંત, તે સવારના કલાકો દરમિયાન તેમની પ્રોડક્ટિવિટીને પ્રાથમિકતા આપતા યુઝર્સની જરૂરિયાતોને પણ તેમના શિડ્યૂલ મુજબ વધુ ડેટા લાભો સાથે સંબોધે છે.

બાકીના અડધા દિવસ માટે ફૈ એક્સ્ટ્રા ડેટા લાભો પૂરા પાડે છે જે તેના ગ્રાહકો માટે સતત કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે. ફૈ ના સુપર હીરો રિચાર્જના અન્ય મહત્વના લાભો નીચે મુજબ છે.


વીકેન્ડ ડેટા રોલઓવરઃ યુઝર્સ અઠવાડિયા દરમિયાન ન વપરાયેલો ડેટા કેરી ફોરવર્ડ કરી શકે છે અને વીકેન્ડ દરમિયાન દરમિયાન તેનો ઉપયોગ કરી શકે છે જે વધુ ફ્લેક્સિબિલિટી આપે છે.

ડેટા ડિલાઈટઃ મહિને બે વખત યુઝર્સ ફૈ એપ દ્વારા અથવા ૧૨૧૨૪૯ ડાયલ કરીને કોઈ જ વધારાના ખર્ચ વિના ૨ જીબીનો વધારાનો ડેટા મેળવી શકે છે.

સુપર હીરો પ્લાન રૂા. ૩૬૫ની કિંમતથી શરૂ થાય છે અને દૈનિક ૨જીબી અથવા વધુના દરરોજના ડેટા ક્વોટા ઓફર કરતા રિચાર્જ પેક પર ઉપલબ્ધ છે. ગુજરાત ઉપરાંત ફૈ સુપર હીરો પ્લાન્સ કેરળ, મહારાષ્ટ્ર, નવી દિલ્હી, પંજાબ અને હરિયાણા, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ તથા પશ્ચિમ બંગાળમાં ઉપલબ્ધ છે.

## દ્વારકામાં માઇનોર ઓપરેશનનો ફ્રી મેગા કેમ્પ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકાના સેવાભાવી અને લોકપ્રિય ડોક્ટર સાગર કાનાણી પોતાના પુત્ર શ્રેષ્ઠના જન્મદિવસની ઉજવણી દર વર્ષે અનોખા સેવા કાર્યથી કરે છે. શ્રેષ્ઠના ત્રીજા જન્મદિવસની ઉજવણી પણ ૧૫ ફેબ્રુઆરી શનિવારના રોજ વ્રજ હોસ્પિટલ દ્વારકા ખાતે ફ્રીમાં માઈનો એપરોશન ઓપરેશનનો મેગા કેમ્પ રાખી કરશે. આ મેગા કેમ્પમાં મફતમાં માઈનોર ઓપરેશન જેવા કે તલ, મસા, કપાસી, રસોડી તેમજ કાનની બુટ સાંધવી કે વીંધવી જેવા ઓપરેશનો ફ્રીમાં કરી આપવામાં આવશે તથા પાંચ દિવસની દવા પણ ફ્રીમાં આપવામાં આવશે. આ ઓપરેશન નો લાભ લેવા માટે કોઈપણ પ્રકારના કાર્ડની જરૂરી નથી. આ ઓપરેશન કેમ્પનો લાભ લેવા ડોક્ટર સાગર કાનાણીએ જાહેર જનતાને આપે અપીલ કરી છે.


મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૪૮/૨૦૨૪

**જાહેર નોટીસ**

શ્રી બોદુભાઈ બાપુભાઈ મલેક,
રહે. ખડીયા, તા.જી. જૂનાગઢ ... અરજદાર

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખડીયા
**સમન્સથ્રુ : તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી - ખડીયા**
... સામાવાળા

જન્મ અને મરણની નોંધણી અધીનિયમ -૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામનાં અરજદારશ્રી બોદુભાઈ બાપુભાઈ મલેક રહે, ખડીયા તા. જી. જૂનાગઢ વાળાએ તેમના માતૃશ્રી અનુમા બાપુભાઈ મલેકની મરણ અંગેની નોંધ તા. ૧૯-૦૯-૧૯૬૧ ગ્રામ પંચાયત કચેરી, ખડીયા, તા. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, ખડીયા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈ પણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કશુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવુ માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૫ ફેબ્રુઆરી - ૨૦૨૫નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

સ્થળ : જૂનાગઢ
તા. ૦૫-૦૨-૨૦૨૫

# જૂનાગઢ મનપાની ચુંટણીમાં પરીવર્તન એ જ વિકલ્પ

## ચુંટણીનો બહીષ્કાર કરવાને બદલે બમણા ઉત્સાહથી મતદાન કરી યોગ્ય ઉમેદવારને પસંદ કરી લોકશાહીનાં પર્વને સાર્થક કરીએ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ મનપાનો ચુંટણી જંગ નીતનવા રૂપરંગ દર્શાવી રહયો છે. એક તરફ લોકોની દાદ, ફરીયાદ અને રોષ ભાજપ તરફ દર્શાવવામાં આવી રહયો છે. તો બીજી તરફ સમાજમાં સારૂ માન સન્માન અને પ્રતિષ્ઠા ધરાવતી વિવિધ જ્ઞાતિ, સમાજોને અન્યાય થયો હોવાની પણ લાગણી વ્યકત કરવામાં આવી રહી છે. આ સાથે જ ભાજપમાં ગત ટર્મનાં પદાધિકારીઓએ એવા તે શું કામ કર્યા છે કે લોકો ભાજપને મત આપે ? તેવો સવાલ આજે ભારે ચર્ચાસ્પદ બની ગયો છે. ભાજપનાં વરીષ્ઠ અગ્રણી રત્નાકરજીએ પણ એક કાર્યકર્તાઓની બેઠકમાં લોકો ભાજપને શા માટે મત આપે તે મુદા પર આકરી જાટકણી કાઢી હતી. તો મનપાનાં ચુંટણી પ્રભારીએ પણ ઉમેદવારોની પસંદગીમાં કડીયા સમાજને અન્યાય થયાની બાબતનો સ્વીકાર કર્યો છે.

જૂનાગઢ મનપાની ચુંટણીને આડે માત્ર ગણતરીનાં ૬ દિવસ બાકી રહયા છે ત્યારે આ ચુંટણીમાં જીત મેળવવા માટેનાં પ્રયાસો જોરદાર બની રહયા છે. છેલ્લા પાંચ વર્ષ થયા જૂનાગઢની હાલત જે બની છે અને પ્રાથમિક સુવિધા ભાજપનાં શાસકો આપી શકયા નથી તે બાબતે મતદારોનો રોષ જોવા મળે છે. અમારા વિસ્તારમાં મત માંગવા આવતા જ નહીં તેવુ સરેઆમ મતદારો ભાજપનાં ઉમેદવારોને કહી રહયા છે તો બીજી તરફ કેટલાક વોર્ડમાં મતદારો મતદાનનો બહીષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારી રહયા છે. આ તકે એક વાત અહીં નોંધવી રહી કે મતદાનનો બહીષ્કાર કરવાથી જોઈતું મળી નહી જાય અને સાથો સાથ ન ગમતા ઉમેદવારને તક મળી જશે આવું ન થાય એટલા માટે જૂનાગઢ શહેરનાં મતદારો જાગૃત બનો, મકકમ બનો અને એકવાર બસ એકવાર અન્યોને તક આપવાનું વિચારો અને ભાજપની સામેનો ઉમેદવાર કોઈપણ હોય એકવાર તેના ઉપર વિશ્વાસ મુકો અને પરીવર્તનનો શંખ ફુંકો આમેય છેલ્લા ૧૫ વર્ષ થયા એટલે કે ભાજપને ત્રણ તક આપી છે. અને ત્રણે વખતે પસ્તાવાનો વારો આવ્યો છે. તો હવે ચોથીવાર આવી ભુલ ન થાય અને અન્ય વિકલ્પ પસંદ કરવો જ રહયો તેવું મતદારો વિચારી રહયા હોવાનું ચર્ચાઈ છે. ભાજપને સબક શીખવાડવા માટે પણ નવી તક ઉભી જ કરવી પડશે તેવું પણ ચર્ચાઈ છે. વારંવાર એકને એક પક્ષની ઝોળી છલકાવી દેવા કરતાં અન્ય ઉમેદવારો તરફ પણ મતદારોની લાગણી જોવા મળી રહી છે. આ તકે જૂનાગઢનાં મતદારોને એક સત્યની બાબત પણ ધ્યાન દોરવું જરૂી છે કે લોકશાહીમાં વિરોધ પક્ષની અનીવાર્યતા અત્યંત જરૂરી છે. જેમ તોફાની ઘોડાને કાબુમાં લેવા માટે લગામ નાખવી જરૂરી છે. તેમ વિરોધ પક્ષ અને એ પણ મજબુત વિરોધ પક્ષ જરૂરી છે. હવે ફેંસલો મતદારો તમારે કરવાનો છે અને આંગણે આવી રહેલી આ ઘડીને વધાવી લેવી તેજ શાણપણ છે.

# મનપાની ચુંટણીમાં ભાજપની જીત થશે તો કેટલાક નિવેદનીયા નેતાઓની આબરૂ ધુળધાણી થશે ?

## લોકોને મન આવા નિવેદનીયા નેતાની કોઈ કિંમત નથી તે સાબીત થશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ શહેરમાં હાલ મહાનગરપાલિકાની આગામી તા. ૧૬મી ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી ચુંટણી માટેનો જંગ દિવસે દિવસે ભારે વેગવાન બની રહયો છે. તો આ ચુંટણી જંગ માટે દાવા-પ્રતિદાવાઓ અને સામસામા આક્ષેપો પણ થઈ રહયા છે. તો કેટલાક નિવેદનીયા કથિત નેતાઓ જે પોતાની જાતને પ્રજાનાં હિત ચિંતક તરીકે ઓળખાવી રહયા છે તેવા નેતાઓ પણ અવાર નવાર નિવેદનો કર્યા રાખે છે. મુદો ગમે તે હોય આવા નિવેદનીયા નેતા પ્રેસનોટ મારફતે સમાજમાં સતત ચર્ચામાં રહેવા માટે નિવેદનો કરતા હોય છે. આવા કથિત નિવેદનીયા નેતાને ગમે તે બાબત હોય વચ્ચે ટાંગ ઉડાવવી જ હોય છે અને જેનાથી સારી એવી ચર્ચા જગાવી છે. વિશેષમાં આજ સુધીમાં જૂનાગઢ શહેરમાં રચનાત્મક કે સામાજીક સેવાકીય કાર્યો થતા નહીં હોય ? આ પ્રશ્ન એટલા માટે કરવો પડે છે કે એવા કથિત નિવેદનીયા નેતા નેગેટીવ બાબતો જ મોટાભાગે કહે છે તેમાં આમ સમાજનું હીતને બદલે પોતાનું ગમે તે પ્રકારનું હીત કરવા જાણે હવાતીયા મારતા હોય તેવું લાગે છે. હાલ જયારે 'ચુંટણી જંગ' મનપાનો આવી રહયો છે ત્યારે પણ કેટલાક નિવેદનીય નેતા નિવેદનો ફટકારવા સજજ બની ગયા છે. અને નિવેદનો ફટકાર્યા જ રાખે છે. પરંતુ જનતાને તેના નિવેદનથી કોઈ કિંમત ન હોય તેવું લાગે છે. અને આવી ચર્ચાઓ પણ જનમાનસમાં ચર્ચાઈ રહી છે.

જૂનાગઢમાં ભારે વરસાદે તારાજી સર્જી દીધી ત્યારથી લઈ શહેરનાં રસ્તાઓનાં ખોદકામ, ભ્રષ્ટાચાર સહીતનાં અનેક મુદા પ્રજામાં ચર્ચાનો વિષય અને નકકર હકીકત સમક્ષ સામે આવ્યા છે. જનતાનો રોષ પણ ફાટી નીકળ્યો છે તેવા સંજોગોમાં કેટલાક નિવેદનીયા કહેવાતા જાગૃત લોકોએ કયારેય કોઈ નિવેદનો આપ્યા નથી તેમજ પ્રજાનાં પ્રશ્ને ધરણા જેવા કાર્યક્રમો પણ કર્યા નથી. એટલું જ નહીં મનપાની ચુંટણી આવવાની જ છે ત્યારે જો જૂનાગઢનું હીત તેમને હૈયે રહેલું હોત તો તેઓએ ચૂંટણીને ધ્યાને લઈ પોતાની પેનલ અને એ પણ સંનીષ્ઠ કાર્યકર્તાઓને લઈને ચુંટણી જંગમાં ઉતારી શકયા હોત પરંતુ ના તેમને તો કોકનાં ખંભે બંદુક ફોડવી છે. કયારેક કોઈને નામે, કયારેક મીડીયાનો સહારો લઈને એક યા બીજાનાં બહાના હેઠળ ચર્ચામાં રહેવું છે. આ નિવેદનીયા નેતાઓને વધુ એક સવાલ કે જૂનાગઢનાં નાગરીક તરીકે અત્યાર સુધીમાં આપણા જૂનાગઢ માટે તમે શું કર્યુ ? લોકોને માટે શું કર્યુ ? અરે ભાઈ ચુંટણી દેખી નથી અને નિવેદનોનો ઢોલ વગાડો છો. પરંતુ આપ મર્યા વિના સ્વર્ગે જવાતું નથી ? એટલામાં સમજી જાવ !! અને છેલ્લે એક વાત કે જો મનપાની ચુંટણીમાં ભાજપની જીત થશે તો સમજી લેવાનું કે ભાજપ ગમે તેવું હશે તેમ છતાં મતદારો તો તેને જ ચાહે છે અને જનતાને મન તમારી કોઈ વેલ્યું પહેલા પણ ન હોતી અને આજે પણ નથી તેવું થશે.

# જૂનાગઢના ઝાંઝરડા રોડ પરથી ૧૦ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પર ખુલ્લી જગ્યામાંથી શખ્સને ૧૦ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે ઝાંઝરડા રોડ પર આવેલ કનૈયા પાનવાળી ગલીમાંથી કેતન ભનુભાઈ શામળાને વિદેશી દારૂ કમાન્ડા મતુરેડડ ઈન્ડીયન સ્પેશ્યલ રમ લખેલ ૧૮૦ એમ.એલ. કંપનીની ૧૦ બોટલ કિ.રૂા.૧૫૦૦ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે પ્રોહીબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજીએ કડિયા સમાજના પ્રમુખ વિવેકભાઈ ગોહેલના નિવાસ્થાને શુભેચ્છા મુલાકાત યોજી



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજીએ કડિયા સમાજના પ્રમુખ વિવેકભાઈ ગોહેલના નિવાસ્થાને શુભેચ્છા મુલાકાત યોજી હતી. અને કડીયા સમાજને થયેલા અન્યાય અંગે યોગ્ય કરવાનું આશ્વાસન પણ આપેલ છે.

પૂર્વ મેયર અને કડિયા સમાજના ભામાશા અ.ની. ધીરૂભાઈ ગોહેલના નિવાસસ્થાને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ કડિયા સમાજના લોકો સાથે મુલાકાત કરી, સાથે ચૂંટણી ઈન્ચાર્જ કમલેશભાઈ મીરાણી તથા શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે કડિયા સમાજ જૂનાગઢના પ્રમુખ વિવેકભાઈ ગોહેલ દ્વારા તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવેલું, સાથે પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ જે.કે. ચાવડા તથા કડિયા સમાજના ખજાનચી કિશોરભાઈ ચોટલીયા, મંત્રી દિનેશભાઈ કાચા, ટ્રસ્ટીઓ તથા વિભાગીય પ્રમુખઓ તથા શ્યામ મહિલા મંડળના હોદ્દેદારો તથા શ્યામ યુવા સંગઠનના હોદ્દેદારો તથા સેવા સંસ્થાના પ્રમુખ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને રત્નાકરજી સાથે મહાનગરપાલિકાની ચૂંટણીમાં થયેલ અન્યાય બાબતે આગામી સમયમાં ન્યાય મળે તે બાબતની પોઝિટિવ ચર્ચાઓની આપ-લે કરવામાં આવી હતી. અંતમાં રત્નાકરજીએ સમાજના સૌ આગેવાનોને આશ્વાસન પૂરું પાડ્યું હતું.

# જૂનાગઢમાં આજે રાત્રે મોઢેશ્વરી માતાજી પાટોત્સવની ઉજવણી થશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં મોઢ ગોભવા અડાલજા વણિક જ્ઞાતિ દ્વારા આજે રાત્રે મોઢેશ્વરી માતાજીના પાટોત્સવની ઉજવણી કરાશે. જ્ઞાતિ આગેવાન નવનીતભાઈ શાહના જણાવ્યા મુજબ જવાહર રોડ મોઢ જ્ઞાતિની વાડી ખાતે રાત્રે ૮ વાગ્યે માતાજીને ભોગ દર્શન અને મહા આરતીનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ બ્રહ્મભોજન અને જ્ઞાતિ ભોજન સહિતના કાર્યક્રમ દ્વારા માતાજીની આરાધના કરાશે.